Rs.5/-

Shree Swaminarayan (Gujarati Monthly)

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૯૮ ● જાન્યુઆરી ૨૦૨૪

Volume no. 18, Issue No. 198 January 2024

માસિક



કાલુપુર મંદિરના પ્રસાદીનાં સભામંડપમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં ધનુર્માસ ધૂન

પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧

Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001



કલોલ પંચવટી મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



ઓળા મંદિરના ૩૦માં પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વચન
પાઠવતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



કનીપુર મંદિરના ૫માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ
આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



ગાંધીનગર (સે.-૨)મંદિરના ૨૪માં પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



મુબારકપુરા મંદિરના ૧૩માં પાટોત્સવ અને શાકોત્સવ પ્રસંગે
સભામાં આશીર્વચન પાઠવતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



સોજા ગામે પારાયણ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી



જીવરાજપાર્ક મંદિરમાં શાકોત્સવ કરતા સંતો

# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર




વર્ષ - ૧૭ (મૂળ વર્ષ ૫૭) ● અંક : ૧૯૮ ● જાન્યુઆરી-૨૦૨૪



સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

## અ ણુ ક્ર મ ણિ કા

| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ''જેતલપુરનો મહોલ'' | ૦૬ |
| ૦૪. | શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી આશીર્વચન | ૦૮ |
| ૦૫. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૨ |
| ૦૬. | ભક્તિસુધા | ૧૭ |
| ૦૭. | સત્સંગ સમાચાર | ૧૯ |

# અસ્મદીયમ્

મનુષ્ય જીવનનો હેતુ પરમ પદની પ્રાપ્તિ છે, આપણે દેહને જ સર્વસ્વ માની લઈએ છીએ. દેહને જ કેન્દ્રમાં રાખી સઘળી પ્રવૃત્તિ કરીએ છીએ, પણ મહારાજે આપણને પરમપદની પ્રાપ્તિ માટે કઠણ સાધન વચનામૃતમાં બતાવ્યું છે.

ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવાની છે. વૃત્તિને ભગવાનના સ્વરૂપમાં અખંડ રાખવા હું પણાનું અને મારાપણાનું અજ્ઞાન ટાળવાનું છે. એ માટે સત્સંગ કરવાની જરૂર છે. સત્સંગથી દિવસે દિવસે પોતાના અવગુણ દેખાય છે અને ભગવાનને ભગવાનના ભક્તને વિષે ગુણ દેખાય છે.

મારા ભઈ ! આપણને સહુને આ સભામંડપ, આ મંદિર મળ્યું છે. જ્યાં ભગવાન સ્વામિનારાયણના ચરણકમળની રજ પડેલી છે. ખરા ભાવથી એ યાદ કરીને ધનુર્માસ - માગશર - પોષ મહિનામાં વહેલી સવારની ધૂનમાં બેસીએ તો આ ધરતીના પ્રતાપનું માહાત્મ્ય સમજીએ તો દેહ ભાવ ભૂલી આત્માની ઓળખ કરી શકીએ, અને તો જ પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થઈ શકશે.

આપણા મનમાં રહેલી સર્વ કામનાઓનો ત્યાગ કરીશું ત્યારે જ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ થશે. આ સભામંડપમાં ધૂનમાં બેસી જો નિર્મળ અંતઃકરણથી ભગવાનને પ્રાર્થના કરીશું તો પરમપદની પ્રાપ્તિ અવશ્ય થાય અને આપણી નરનારાયણદેવને એ જ પ્રાર્થના હોય !

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(ડિસેમ્બર-૨૦૨૩)**



૨ શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૩ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) નવા વાડજ મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.
૩-૪ શ્રી સ્વા. મંદિર દયાપર (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૫ શ્રી સ્વામિનારાયણ મંદિર પરઢોલ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ભાટેરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૩ શ્રી સ્વા. મંદિર સમૌ (હનુમાનપુરા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૪-૧૫ શ્રી સ્વા. મંદિર ભુજ (કચ્છ) કથા પારાયણ પ્રસંગે પધરામણી.
૧૭ શ્રી સ્વા. મંદિર ગાંધીનગર (સે-૨) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
ઓળા (તા. કલોલ) ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી.
૧૮ શ્રી સ્વા.મંદિર ઈલોલ (તા. હિંમતનગર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૯ સોજા (કલોલ) ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી
૨૦ શ્રી સ્વા. મંદિર કલોલ (પંચવટી) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કનીપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ઘનશ્યામનગર) રજત જયંતી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.
૨૬ અમદાવાદ કાલુપુર મંદિર ધનુર્માસ નિમિત્તે ધૂનમાં પધાર્યા તથા માગસર માસની પૂનમની સભામાં પધાર્યા.
૩૧ નવા નિકોલ નૂતન મંદિર નિમિત્તે આયોજીત કથા પ્રસંગે પધરામણી.

# પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(ડિસેમ્બર-૨૦૨૩)**



૩ શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ શ્રી નરનારાયણદેવ દેશ આયોજીત શાકોત્સવની મિટિંગ પોતાની અધ્યક્ષતામાં સંપન્ન થઈ.
૧૩ શ્રી સ્વા. મંદિર સમૌ (હનુમાનપુરા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૫ ધમાસણા ગામે પ્રજ્ઞાચક્ષુ દંપતિના સમૂહલગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી ત્યાંથી શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૭ નિકોલ મંદિર શાકોત્સવ-પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૯ સોજા ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી.
૨૧ માણેકપુર (ઘનશ્યામનગર) મંદિરના ૨૫ માં પાટો. પ્રસંગે પધરામણી.
૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨૬ મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૨૯ શિયાણી ગામે પધરામણી રાત્રે મોટેરા મંદિર કથા પ્રસંગે પધરામણી.



# "જેતલપુરનો મહોલ"

- સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ઈ.સન. ૧૬૧૮ ના વર્ષમાં દિલ્હીનો બાદશાહ જહાંગીર અમદાવાદ આવ્યો તે સમયમાં જહાંગીરનો પુત્ર શાહજહાં અમદાવાદ શહેરના સુબાના પદે રાજ્ય કરતો હતો. બાદશાહે ઉનાળો ગાળવા અમદાવાદ રોકાવાનું નક્કી કર્યું. તેઓને રહેવા વધુ સમય ગાળવા પ્રાકૃતિક સૌંદર્યની સાથે સાથે શુધ્ધ આબોહવા, વૃક્ષવેલી વનરાજીથી સભર ઉત્તમ સ્થાન, ૯૯૯ નવસોનેનવાણું વિઘાના વિશાળ સાગર જેવું દેખાય તેવું, અમદાવાદ શહેરથી ખૂબજ નજીક દેવસરોવર અખંડ ભારતમાં જગવિખ્યાત હતું. જતીલપુર નામે ગામ તેના કિનારા ઉપર વસેલું છે. તે દેવસરોવરના દક્ષિણ કાંઠા ઉપર શાહજહાં સુબાએ રજાના દિવસોમાં હવા ખાવા માટે વિશાળ ભવ્ય શિલ્પ શાસ્ત્રના નિયમોના માપદંડને અનુસાર સૂરજના કિરણો ઉત્તરની હવાની સાથે સમ્રાટની સલામતી સુરક્ષાની સઘન વ્યવસ્થાઓ તથા પોતાનો પરિવાર આગંતુક મહેમાનો દાસ-દાસીઓ પ્રહરીઓનો જ્યાં સમાવેશ થઈ શકે તેવો "મહેલ" મહોલ ૧૬ મી સદીમાં બનાવ્યો હતો. દિલ્હીના બાદશાહના ભત્રીજા જહાંગીરે કાકાને જતીલપુર જે આજે જેતલપુર તરીકે પ્રસિધ્ધ છે તે મહોલમાં હવા ખાવા નિવાસ કરાવ્યો. કુદરતી સૌંદર્ય, શુધ્ધ આબોહવાથી યુક્ત દેવસરોવરના દક્ષિણ કાંઠે આવેલા મહોલમાં બાદશાહને રહેવાનો એટલો બધો આનંદ આવ્યો કે તેને મહિના મહિના સુધી દિલ્હીની રાજગાદી યાદ જ આવી નહીં. એવું કહેવાય છે કે બાદશાહ બે વર્ષ સુધી "મહેલ"માં રહ્યાં.

એક દિવસ સુબા શાહજહાંનો જન્મદિવસ હતો તેની ઉજવણી કરવા જહાંગીર જેતલપુર મહોલમાં આવ્યો હતો. કાકો ભત્રીજો બન્ને સાથે હતા. જન્મદિવસની ઉજવણીમાં જેતલપુરમાં એક નર્તિકા રહેતી હતી. તેની નૃત્યકળા આખા પંથકમાં વખણાતી. મોટા મોટા ધનવાન શેઠ, શાહુકાર, રાજા મહારાજાઓ પાસે તેમજ વડોદરા, મુંબઈ, જુનાગઢ, ભાવનગર, પાટણ જેવા રજવાડાઓમાં તે નૃત્ય કરવા જતી તેથી અને તે ખૂબજ ધનાઢ્ય હતી. તેમના જન્મદિવસની ઉજવણીમાં નર્તિકાનું નૃત્ય જોઈ બાદશાહ અને સુબો ખૂબજ ખુશ થયા અને નર્તિકાને પેશ્વાએ જન્મદિવસની ખુશાલીમાં "મહોલ" બક્ષિશમાં આપી દીધો.

આ નર્તિકાના પરિવારમાં નૃત્યકળા વારસાગત જળવાઈ રહી. તેના વંશમાં પેઢી દર પેઢી એક થી એક શ્રેષ્ઠ નૃત્યકળામાં પારંગત નર્તિકાઓ થઈ હતી. આ નર્તિકાઓ રાજા મહારાજાના માંગલિક પ્રસંગોનું નજરાણું ગણાતું. આપણી ભારતીય સંસ્કૃતિમાં પુરુષો મલ્લકુસ્તીમાં અને સ્ત્રીઓ નૃત્યકળામાં ખૂબજ વિશ્વ વિખ્યાત આજે પણ છે.

વિક્રમ સંવત ૧૮૬૪ માં ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને જેતલપુરમાં ૧૮ દિવસનો અહિંસક યજ્ઞ કર્યો હતો. તેમાં એક હજાર કુંડ કર્યા હતા. ૧૮ હજાર વિપ્રો પુરોહિતપદે રહીને વિષ્ણુયાગ કરતા હતા.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણી ગ્રંથમાં લખે છે કે,

**"ધન્ય ધન્ય જેતલપુર ગામ ।**
**જેને વાલે કર્યું નિજધામ ॥**
**તેમાં મરે પાપી નરનાર ।**
**તે પણ ન જાય જમને દ્વાર ॥**
**તેમાં પરચા આપ્યા વાલે બહુ ।**
**જાણે છે જન ગામના સહુ ॥**
**મોટા મોટા કર્યા જ્યાં જગન ।**
**ખૂટ્યા નહિ ગોળ ઘૃત અન્ન ॥**
**એમાં પરચા આપ્યા પળે પળે ।**
**તે તો કેમ લખાય કાગળે ॥**

જેતલપુરમાં ગંગામા રહેતા હતા. શ્રીહરિ તેમને મા કહીને બોલાવતા. ત્યાં અનેક ભક્તો - દયારામ વિપ્ર, નાનાભાઈ વિપ્ર, આશજીભાઈ, જીવણદાસ, ગંગાદાસ મુખી, કાકુજી ક્ષત્રિય, પ્રભુદાસ પટેલ, શંકરદાસ પટેલ, ગગુજી દરબાર, પુંજાજી દરબાર, ભાવસિંહ દરબાર, નાથોજી દરબાર, ગગજી દરબાર, રેવાબાઈ, રાઈબાઈ,

યમુનાબાઈ આદિ એકાંતિક સેવાના ઉપાસક ભક્તો શ્રીહરિની અનુવૃત્તિ સાચવીને સેવાઓ કરતા.

વિષ્ણુયાગમાં ભૂદેવો, ભક્તો, ભૂખ્યાઓને ભોજનને અર્થે દશ હજાર મણ ઘઉં લાવ્યા હતા. બીજું બધુ સીધુસામાન તેના પ્રમાણમાં લાવ્યા હતા. ઘઉં દળવાની સેવા ઘણી મોટી હતી. શ્રીજી મહારાજે બહુ મોટી કૃપા કરીને વરદાન જાહેર કર્યું કે જે કોઈ માણસ એક દ્રોણ (ટોપલો) ઘઉં દળવાની સેવા કરશે તેને અમે અંતકાળે અમારા અક્ષરધામમાં લઈ જઈશું. પછી તો જેતલપુર અને આજુબાજુના ગામોના બહેનોએ ઘઉં લેવાની પડાપડી કરી. આખા વિસ્તારમાં ઘરે ઘરે ઘંટીઓ ફરવા લાગી. નિત્ય હજાર મણ ઘઉંનો લોટ તૈયાર થવા લાગ્યો. લોટનો તો એવો ઢગલો બની ગયો કે જાણે કોઈ પહાડ હોય ! તે સમયમાં પેશ્વાના મહેલમાં ધનવાન નર્તિકા નાથી નામે રહેતી હતી. તેને ખબર પડી કે મારે આ અમૂલ્ય સેવાની અવસરની તક ઝડપી લેવી છે તેથી ગંગામાની પાસે આવીને ઘરે ઘઉં લઈ જઈ આખી રાત ઘંટીમાં દળ્યા. તે લોટનો ટોપલો લઈ બીજા દિવસે લોટ આપવા પાકશાળામાં ગઈ. ત્યાંની બહેનોએ તેનો લોટ સ્વીકારવાની ચોખ્ખી ના કહી. ત્યારે તે નાથી શ્રીહરિ બોરસલીની છાયા નીચે સભા કરીને બિરાજમાન હતા ત્યાં જઈ દૂર ઉભી રહીને પ્રણામ કરીને બોલી, ‘‘હે હરિ આપના વચન અનુસાર હું ઘઉં મારી જાતે દળીને લાવી છું. તો આપ પરમેશ્વર છો. મારી સેવા અંગીકાર કરીને મોક્ષનું બિરુદ આપો. જુઓ ! મારા હાથે જ લોટ તૈયાર કર્યો છે. મારી સેવાનો સ્વીકાર કરો.’’ અધમઉધ્ધારક, પતિતપાવન શ્રી સ્વામિનારાયણ ભગવાને તેનું પવિત્ર હૃદય જોઈને ટોપલામાં રહેલા ઘઉંના લોટનો સ્વીકાર કરીને પરમહંસોના જેવું કલ્યાણ કરવાનો કોલ આપ્યો. બાઈ નાથીએ ભક્તિથી રંગાઈને પોતાના મહેલમાં પધારવા શ્રીહરિને નિમંત્રણ આપ્યું.

સર્વે અવતારના અવતારી ધર્મભક્તિના પુત્ર પરાત્પર પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પરમહંસો, વર્ણી, પાર્ષદ ભક્તો બાઈ-ભાઈને લઈને દેવસરોવરના કિનારે આવેલા જાણીતા મહેલમાં પધરામણી કરી. નાથીએ પંચાંગ વંદન કર્યા. બે હાથ જોડીને પ્રાર્થના કરી કે, હવે પછી હું ભક્તિ પરાયણ રહીને સ્નેહસહિત, ધર્મેસહિત ભક્તિ કરવાનો દૃઢ સંકલ્પ કરું છું અને બોલી કે, હે હરે ! તમે ભગવાન છો. સર્વના નિયંતા છો. આપના સ્વરૂપમાં મને કોટીકોટી સૂર્ય જેટલું તેજ દેખાય છે. તમે ઋષિમુનિઓના પ્રિય છો. એક મારી પ્રાર્થના છે કે, આ મારે રહેવાનો જે મહોલ છે તે આપના ચરણમાં કૃષ્ણાર્પણ કરું છું. હવે પછી હું સાદગી રૂપે એક પર્ણકુટીમાં રહીને આપનું ભજન કરીશ. હવે પછી મારી કોઈ કામના નથી. આપના દર્શન માત્રથી જન્મોજન્મની ઈચ્છાઓની પૂર્ણાહુતિ થઈ ગઈ છે. આપ મારા મહોલમાં હંમેશા રહો. હું ગામમાં પર્ણકુટી બનાવીને ભજન કરીશ. શ્રીજી મહારાજે નાથીની પવિત્ર ભક્તિ જોઈને ‘‘મહોલ’’ માં સદાય નિવાસ કર્યો. તે દિવસથી શ્રીહરિ જ્યારે જ્યારે જેતલપુર પધારે ત્યારે મહોલમાં નિવાસ કરતા. ગંગામાના ઘરે થાળ જમવા પધારતા અને ફુલવાડીમાં બોરસલીના વૃક્ષ તળે બેસીને સભા કરતા. આ મહોલની અગાસીમાં પંચમુખી શિવજી હતા તેને અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ પધરાવ્યા ત્યારે નરનારાયણદેવની બાજુમાં પંચમુખી મહાદેવની શ્રીહરિએ સ્થાપના કરી અને નિલકંઠ મહાદેવ મહોલમાં આજે પણ બિરાજમાન છે તેની નિત્ય સેવા, જળાભિષેક શ્રીહરિ સ્વયં કરતા. આ મહોલમાં શ્રીહરિએ ૩૬૮ દિવસ-રાત્રી નિવાસ કર્યો છે. મહોલની અગાસીમાં બેસીને જીવણભક્તનો મઠનો રોટલો આરોગ્યો હતો. જેતલપુરના વચનામૃત - જેતલપુર-૧-૪-૫ મહોલના અમૃતવચનો છે. આ મહોલમાં સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ શિયાણીના શિવરામ વિપ્રને સત્સંગિભૂષણ શાસ્ત્રની કથા સંભળાવી હતી. અહીં રહીને નંદસંતો સંસ્કૃતનો અભ્યાસ કરતા. ક્યારેક કોઈ સંતને અસાધ્ય રોગ થયો હોય તો મહારાજ જેતલપુર મોકલતા અને જેતલપુરના ભક્તો માંદાની સેવા કરવાના વિશેષ આગ્રહી હતા, તેમ જ મહોલની હવા અને ભક્તોની દવાથી સંતો થોડાજ સમયમાં સાજા થઈ જતા. શ્રીહરિ એકવાર મહોલમાં સભા કરીને બોલ્યા કે, સુખ દુઃખ આવે સર્વે ભેળું તેમાં રાખજો સ્થિરમતિ, જાળવીશ મારા જનને વળી કરીશ જતન અતિ, એમ કરતા પંડ પડશે, તો આગળ છે સુખ અતિ ઘણું. જો વ્રત ટેક જો રાખશો, તો ભોગવશો સૌ સહુ તણું ॥ નહિ તો તમે નચિંત રહેજો, કરવું તમારે કાંઈ નથી, જે મળ્યા છે તમને તે પાર છે અક્ષરથી.

આ પ્રસાદીના મહોલમાં અસંખ્ય પરચાઓ, ઉત્સવો પ્રસંગો શાસ્ત્રોમાં નોંધાયા છે. તે આજે પણ તે જ સ્થિતિમાં જાળવી રાખવામાં આવેલ છે. શ્રી નરનારાયણદેવ દેશની ગાદીના આચાર્યશ્રીઓનો પરંપરાથી અતિ આગ્રહ રહ્યો છે કે, પ્રસાદીના સ્થાનો હોય તેમાં કોઈ સુધારો વધારો ન કરતાં મૂળભૂત સ્થિતિમાં જાળવી રાખવા. આજે પણ તે મહોલ તેનું અદ્‌ભુત ઉદાહરણ પ્રમાણભૂત છે.

તે પ્રસંગનું સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ ચાર પદનું કીર્તન બનાવ્યું છે ‘‘મહારે મહોલે આવો, હસીને બોલાવો, રે રંગભીના છેલાનંદજીના છો જી રાજ’’

## શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી



# આશીર્વચન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**પ.પૂ. મહારાજશ્રીના ૫૧ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે, તા. ૨૪-૧૦-૨૩ (વિજયાદશમી), પ.પૂ. મોટા મહારાજશ્રી :** આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, **આપણા સંપ્રદાયમાં આચાર્ય પદ એ સર્વોચ્ચ પદ છે. એની ગરિમા અને મહિમા જેટલો સમજીએ તેટલો ઓછો છે.**

હું પચીસેક વર્ષની ઉંમરે જ્યારે ગાદી પર આવ્યો ત્યારે એ સમયે નિત્ય સાંજે મંદિરે આવતો, અત્યારે સવારે આવું છું. મંદિરે આવવા નીકળું ત્યારે એ પહેલા મારા માતુશ્રી ઉપર કિચન હતું તેની બારીએ રાહ જોઈને બેઠા હોય. જેવો હું નીકળું એટલે તુરત જ બારીમાંથી મને પગે લાગે. મેં કહ્યું આ શું કરો છો તમે ? આ તો ઉલ્ટી ગંગા કહેવાય ! મારે આપને પગે લાગવાનું હોય કે આપે મને પગે લાગવાનું હોય ? **ત્યારે માતુશ્રીએ કહેલું, "અમે તમને પગે નથી લાગતા, તમારી પાઘને પગે લાગીએ છીએ.**

બીજું મને યાદ છે કે **પૂ. બાપુજી જ્યારે પાઘ પહેરતા ત્યારે પ્રથમ પાઘને સ્પર્શ કરીને, પગે લાગીને પછી જ પાઘ પહેરતા હતા.**

**પુરુષોત્તમ પ્રકાશમાં નિષ્કુળાનંદ સ્વામીએ ખૂબ વિસ્તૃત રીતે આ પદનો મહિમા ગાયો છે. દેશ વિભાગના લેખમાં મહારાજે પણ ખૂબ સારી રીતે આ પદનો મહિમા નિરૂપણ કર્યો છે.**

દેશ વિભાગના લેખ બે છે. એક મોટો લેખ અને બીજો નાનો લેખ. મોટો લેખ એક જ લહિયા પાસે મહારાજે લખાવ્યો છે. ત્યારે ઝેરોક્ષ મશીન નહોતા. એ વખતે જે સંતો હાજર હતા, તે દરેક સંતોના નામ તેમાં લેખની નીચે લખેલા છે. સંતોની વ્યક્તિગત સહીઓ નથી. બીજો જે નાનો લેખ છે તે મારી પાસે છે અને તે લેખની એપ્લીકા મ્યુઝિયમમાં પણ મુકેલી છે. તે લેખમાં નંદ સંતોની વ્યક્તિગત સહીઓ છે.

સંપ્રદાયમાં જ્યારે કોઈ વિવાદ ઉભો થાય ત્યારે એ લેખને કોર્ટમાં **Exhibit** (પુરાવામાં રજૂ કરેલો કાગળ-દસ્તાવેજ) તરીકે રજૂ કરવામાં આવે છે અને કોર્ટે **Exhibit** તરીકે આ લેખ પર સિક્કો મારીને રાખેલ છે. આ ઉપરાંત બીજા ત્રણ શાસ્ત્રો-સત્સંગિજીવન, શિક્ષાપત્રી અને વચનામૃત એ ત્રણેય શાસ્ત્રો પણ કોર્ટમાં **Exhibit** તરીકે રાખવામાં આવ્યા છે.

એ વખતે એક નાઈટ અંગ્રેજ જજ હતા. બહુ વિદ્વાન હતા. તેઓએ સંપ્રદાયનો ખૂબ તલસ્પર્શી અભ્યાસ કરેલો અને પછી આ દેશ વિભાગના લેખને આધારે જજમેન્ટ આપેલું.

બીજી વાત, જ્યારે આચાર્ય બદલે, દા.ત. અમારા પછી વિદ્યમાન આચાર્યશ્રી આ પદ પર આવ્યા તો ટ્રસ્ટી તરીકેનું નામ પણ બદલાય. બરોબર ? તો **Mode of Succession** (વારસદાર થવાના અધિકારની રીત અથવા ક્રમાનુસારિત પદ્ધતિ) ચેરિટી કમિશ્નરના બંધારણમાં તેનો ઉલ્લેખ કરવામાં આવે છે. નામ શા માટે બદલ્યું ? મારી જગ્યાએ આ ટ્રસ્ટી કેમ આવ્યા ? તો ચેરિટી ટ્રસ્ટમાં તેના બે કારણો લેખિત રજૂ કરવામાં આવે છે. એક તો **Be cause of Nomination** (નિમણૂંકને કારણે). મેં આની નિમણૂંક કરી છે. અને બીજું આ દેશ વિભાગનો લેખ. ત્યારે ચેરિટીમાં પણ આપણી સ્કીમની નીચે આ લેખના આધારે વહીવટ કરવાનો રહેશે. એવું લેખિત કરેલું હોય છે.

**સત્સંગી માત્રએ દેશ વિભાગનો લેખ અને અ.નિ. પ્રો. હિતેન્દ્રભાઈ પટેલે જે "ધર્મવંશી આચાર્ય પદ"નું સુંદર નાનું પુસ્તક લખ્યું છે તે અવશ્ય ગહન રીતે વાંચવું જોઈએ. આ બહુ મોટું પદ છે.**

**આચાર્ય મહારાજશ્રી આ પદ ખૂબ સારી રીતે નિભાવી રહ્યા છે. એ ખૂબ ધન્યવાદને પાત્ર છે.**

એમની બે નાની વાતો કહું. તેઓ ખૂબ નાના હતા. સેન્ટ ઝેવિયર્સ સ્કુલમાં ભણતા હતા ત્યારે તેમના એક મિત્ર સંજય સોની જે હાલમાં શિકાગોમાં રહે છે તે કલાસમેટ હતા. તે દરરોજ તિલક ચાંદલો કરીને આવે એટલે ઘણીવાર બીજા છોકરાઓ ચિડાવે. તેમણે આ વાત આમને કરી ત્યારે તે વખતના આ લાલજી મહારાજશ્રી કહે, કોણ છે એ ? મને બતાવજે. રસ્તો કરી દઈશું. સીધો કરી દઈશું એને.

બીજી વાત કહું. તે સમયે પ્રો. શાસ્ત્રી અમારે ઘરે આમને ભણાવવા ક્યારેક આવતા. એક વાર શાસ્ત્રી સાહેબ મને બોલાવીને કહે, આ લાલજી મહારાજશ્રી શું કહે છે, કહું તમને ? હું તેઓને એમ શિખવાડતો હતો કે, ગાંધીજીનું વાક્ય છે કે ''કોઈ આપણને એક લાફો મારે તો બીજો ગાલ ધરવો.'' ત્યારે લાલજી મહારાજશ્રી કહે, ખોટી વાત છે આ. આપણે બીજો ગાલ ધરીએ તો ફેરથી મારે એ. એ તો આપણે બે લાફા સામે તેને મારવા પડે તો જ સીધો થાય એ !

**એટલે સમયની જરૂરિયાત મુજબ મહારાજે આમને મુક્યા છે. કારણ કે આ સંસ્થા મહારાજની છે. Appointment (નિમણૂંક) એ કરે છે. ગાદી પર બેસાડીને આરતી એમણે ઉતારી છે. એટલે જ્યારે એમની જગ્યાએ આ પદ પર જે સમયે જેવી જરૂરિયાત હોય, તેવી યોગ્ય વ્યક્તિને એવું શીખવાડીને મહારાજ મોકલે છે.**

આજના પ્રસંગે ખૂબ આનંદ થયો. તેઓનું સ્વાસ્થ્ય ખૂબ સારું રહે અને ચિરકાલ સુધી સત્સંગની સેવા કરતા રહે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીને વિરમું છું.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી :** શહેર તથા અમદાવાદ દેશના લગભગ તમામ ગામડાઓમાંથી તથા દેશ વિદેશથી જ્યારે આટલી મોટી સંખ્યામાં હરિભક્તો અને દરેક સંતો મહારાજશ્રીના જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવવા ઉપસ્થિત થયા છો ત્યારે પી.પી. સ્વામીએ સરસ વાત કરી કે આઠ વર્ષની ઉંમરથી મહારાજશ્રી મહેનત કરી રહ્યા છે. જે આપણે સૌ જોઈ રહ્યા છીએ કે **આટલા ઓછા સમયમાં સંપ્રદાયનો દેશ વિદેશમાં કેટલો વિકાસ કર્યો છે, એ ખૂબ ધન્યવાદને પાત્ર છે.** સાથે સાથે સંતોને અને હરિભક્તોને પોતાપણાથી અને લાગણીથી સાથે રાખીને સત્સંગનો વિકાસ કર્યો છે એ ખૂબ બિરદાવવાને પાત્ર છે. અમે ખૂબ નિકટથી જોયું છે. સત્સંગ એજ અમારો પરિવાર છે. એ વિચારધારાથી કાયમ આગળ વધ્યા છે.

આજના દિવસે આપ સૌ સંતો-ભક્તો શું ભેટ આપશો તો તેઓશ્રીના સત્સંગ માટે જે કંઈ સંકલ્પ અને પ્રોજેકટ છે અને તેમાં પણ આપ સૌ જાણો છો એ મુજબ છપૈયામાં ઘણો મોટો પ્રોજેકટ ચાલી રહ્યો છે. નારાયણ સરોવરથી લઈને મંદિર જન્મસ્થાન બધાનો જીર્ણોધ્ધાર થઈ રહ્યો છે. તેમાં ઘણા હરિભક્તોએ ખૂબ મોટી સેવા કરી છે અને હજુ પણ ઉપસ્થિત સૌ નાની મોટી સેવાનો સંકલ્પ કરીએ, કારણ કે **છપૈયા સ્વામિનારાયણ ભગવાનનું જન્મસ્થાન છે. સંપ્રદાયની શરૂઆત છપૈયાથી છે. સંપ્રદાયનું મુખ્ય તીર્થસ્થાન છપૈયા કહી શકાય. તેથી આ સેવામાં દેશ વિદેશમાં બીજાઓને પણ જાણ કરી શકતા હોઈએ તો જરૂરથી પ્રોત્સાહન આપીએ એવી ભલામણ છે.** અને એ જ મહારાજશ્રીના જન્મ દિવસની ભેટ આપી ગણાશે.

આજના દિવસે મહારાજના ચરણોમાં પ્રાર્થના કે મહારાજશ્રીનું સ્વાસ્થ્ય સારું રાખે અને કાયમ માટે નરનારાયણ દેવે સત્સંગની સેવા કરવાનું બળ આપ્યું છે અને આપતા રહે એ જ પ્રાર્થના સાથે વિરમું છું.

**પ.પૂ. મહારાજશ્રી :** બાપજીએ વાત શરૂ કરી ત્યારે મને ચિંતા થઈ હતી કે આ અટકે તો સારું હવે. રૂપિયો હોય એવું પરચૂરણ થાય. તમે હસો છો પણ સાચું કહું છું કે **ઘોડિયામાંથી દેવની નિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા દેશી ભાષામાં કહું તો ઠાંહી ઠાંહીને ભરી હોય પછી પરિણામ આ જ આવે.** ઉપરથી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ, વાસુદેવપ્રસાદજી મહારાજ, સાત પેઢીથી આ જ આવ્યું છે અને આ જ આવવાનું છે. સમય પ્રમાણે કદાચ પ્રકાર બદલાય, પધ્ધતિ બદલાઈ જાય. દૂર દૂરના ગામડામાંથી, છેવાડાના કોક દેશમાંથી સંતો-હરિભક્તો મને મેસેજ કરતા હોય તો તેઓ દેવની સાથે જોડાયેલા છે એટલે મોબાઈલ હાથમાં લે છે. વાસ્તવિકતા એ છે. આ કોઈ વ્યક્તિગત વસ્તુ નથી. પણ આ માથે પાઘ પહેરી છે એનું પરિણામ છે.

બાપજીએ વાત કરી એ બહુ ગહન છે. **આ પાઘ પહેરવા માટે પાત્રતા ખૂબ.... ખબર નહીં... શબ્દ નાના જ પડશે. પણ એ પાત્રતા ભગવાન આપે છે. કોઈ કળા ઉભી થઈ શકતી નથી એના માટે.** ભગવાનની ઈચ્છા હોય તો આગળ વધી શકાય છે. દેવનું કાર્ય કરી શકાય છે.

ગામડામાંથી કોઈ હરિભક્ત આવે છે, બેસે છે, સુખ દુ:ખની કે તકલીફની વાત કરે છે પણ એ વાત કરવાનું આ સ્થાન છે. એટલા માટે કરે છે. નાના દીકરાથી લઈને વડીલ સુધી ક્યાંક એનું દિલ ઠરે અને ભગવાન પરાયણ થાય તો એ આપણા દિવસની સફળતા છે. એવું હું માનું છું. બાકી જગતની અંદર આ બધું ચાલ્યા કરે છે. તકલીફ ઘણાને છે પણ સાંભળનાર છે કોઈ ? તમે તમારી તકલીફ રજૂ કરો તો હા, બરોબર છે, ઠીક છે. એમ કહી ઉભા થઈ ચાલતા થાય. પણ **અહીં આ જે સંતો, હરિભક્તો અને અમે અરસ-પરસ વાત સાંભળીએ છીએ અને ભગવાનની દયાથી એનું નિરાકરણ નીકળે છે એ પ્રતાપ દેવનો છે.**

ક્યાંથી, કોણ, કેવી રીતે સંબંધ કેળવાય એ નક્કી થતું નથી. હું તો મને ભાગ્યશાળી માનું છું કે સ્પેકટ્રમ એટલું મોટું મળ્યું છે કે ક્યાં, ક્યાંથી અને જુદી જુદી ઉંમરના લોકોને હું અંતરથી ઓળખું છું. પછી એ સંતો હોય, હરિભક્તો હોય કે અન્ય ફિલ્ડના આર્કિટેક, ડૉક્ટર, પોલિટિશિયન કે વિદેશના લોકો હોય, એનું કારણ વ્યક્તિગત નથી, આ દેવ છે. એકજ લક્ષ રાખીને જીંદગી જીવું છું.

લાલજી મહારાજશ્રીએ વાત કરી છપૈયાનો સંકલ્પ, **તો છપૈયા એ છપૈયા છે. આપણે એક કેટલેસ તરીકે કામ કરવાનું છે.** તમે બધાએ સહયોગ આપ્યો છે અને એ આપણી જવાબદારી છે અને એ હરિભક્તો કરશે જ !

**અમદાવાદનો પ્રોજેક્ટ હોય કે ગામડાના પ્રોજેક્ટ હોય એ બધા પ્રોજેક્ટ આપણા છે. કારણ કે દેવ આપણા છે એટલે એ દેવ નીચેના જેટલા પણ મંદિરો હોય સંતો હોય કે હરિભક્તો હોય એ બધા આપણા છે.**

કંઈક ને કંઈક નિમિત્ત હોય છે. ૧૯૯૪ માં બાપજીને ૫૦ વર્ષ થયા અને ગાદીના ૨૫ વર્ષ થયા એ નિમિત્તે રજત સુવર્ણ જયંતી ઉજવણી એના બે વર્ષ પહેલા ગામડાઓમાં અને વિદેશમાં ૧૦૦ દિવસ ફર્યા હતા. સાથે મોટા પી.પી. સ્વામી, નારાયણવલ્લભ સ્વામી, હરિકૃષ્ણ શાસ્ત્રી વગેરે સંતો હતા. મસ્કત જવાનું થયેલું. તે ભંડોળમાંથી ઉત્સવના અંતે મોટી રકમ બચી તેમાંથી તમે સૌ જાણો છો તેમ છપૈયા નિજ મંદિર આરસપહાણનું અહીંથી થયું. તો આમાં **મૂળ દેવનું પ્રાધાન્યપણું જે છે એટલું આપણે કરી શકીએ તેમ નથી, તેને ન્યાય આપી શકાય નહી પણ Equity** (ન્યાય, નીતિનો સિધ્ધાંત) **એ છે કે આ સંપ્રદાયની, આ સત્સંગની, આ નરનારાયણદેવ ગાદીની ગરિમા વધે એવું ન કરી શકીએ તો કંઈ નહી પરંતુ ઘટે એવું તો ન જ કરવું.**

હવે આવું નથી રહ્યું ને તેવું નથી રહ્યું એવી ગરીબ વાત ન કરવી, એવી વાત કરનારને ભલે જેતલપુર, નારણપુરા કે નારાયણઘાટમાં પ્રસાદી જમવા મળે તો પણ ઉપવાસ કરવો. પહેલા જેવું નથી રહ્યું એવો વિચાર આવે એને ઘેર પણ ખાવું નહીં. આ હકીકત કહું છું. બહેનોને પણ ભલામણ કરાવી દેવી કે ખાવા આપતા જ નહીં, ભલે બહાર ખાખરા ખાઈ લે. **પહેલા જેવું કેવી રીતે નથી રહ્યું ? દેવ પહેલા જેવા નથી ? આ સંતો બધુ મુકીને અહીં બેઠા છે એ પહેલા જેવા નથી ? તમે ટાઈમ કાઢીને અહીં બેઠા છો એ પહેલા જેવા નથી ? મને તો સમજણ પડતી નથી !** તમે અહીં બેઠા છો એ તો આવું ન જ બોલો, પણ અમૂક લોકો બોલતા હોય એની આ વાત છે.

**દેવ તો પ્રત્યક્ષ છે જ પરંતુ દૃષ્ટિ ફરશે તો બધુ ફરી જવાનું છે. જોવાની પ્રક્રિયા ફરે એટલે બધુ ફરે.** દુનિયા એની એ જ છે. સત્યુગમાં રાક્ષસો હતા, આજેય થોડા ઘણા હોય. એ જમાનામાં ડ્રોઈંગથી શિંગડા પૂંછડા બતાવતા, આજે એવા નથી બતાવતા, ફેર તો એટલો જ છે ને ! **યુગ બદલાતો નથી, મગજમાંથી યુગ બદલાતો હોય છે. આ વચનામૃતની વાત છે.** (સા. ૯)

**સંપ્રદાયની પ્રગતિ થઈ છે, થઈ રહી છે અને થતી રહેશે. એટલું તો હું દૃઢપણે માનુ છુ. અને એ ભગવાનના બળે કરીને માનુ છું,** માટે મોળું બોલવું નહી. ભગવાનની ખુમારી રાખવી. ભગવાનનું નામ પડે એટલે વાત પતી ગઈ.

આ પરિવાર મળ્યો છે એ મોટામાંમોટી વસ્તુ છે. અહીંથી (પ.પૂ. બાપજી) હુંફ મળે છે. હવેલીમાંથી મળે છે. તકલીફ બધાને હોય છે, સંતોને પણ હોય છે. એનેય ઘણીવાર ચેલા અમુક જગ્યાએ જવાની ના પાડતા હોય ! આ તો દંભ અને આડંબર વિનાની રમૂજની વાત કરું છું. તમારે અઠવાડિયું બહાર જવાનું હોય તો શું દશા થાય ? મારી જેવું ફરવાનું હોય તો પોણા ભાગના છૂટાછેડા થઈ જાય ! પણ **ગાદીવાળા હોય કે માતુશ્રી હોય એ બધાને ભગવાન નક્કી કરીને લાવે છે. એ સહનશીલતા, ત્યાગ, વૈરાગ્ય, દીકરા- દીકરીઓને સંસ્કાર આપવા એ બલિદાન પરિવારનુ બહુ મોટું છે. જે ત્રણ પેઢીથી તો હું જોઉં છું.** ગાદીવાળાશ્રી દીકરા-દીકરીઓને સાચવે ત્યારે અમારાથી કચ્છમાં જવાય, શરૂઆત ઘરથી થાય છે.

એ પરિવાર અને પછી તમે પરિવાર તમે પણ કેટલો ત્યાગ વૈરાગ્ય કરો છો ? મને ફોનમાં મેસેજ કરવા કોઈને નવરાશ નથી હોતી છતાં તમને ફોન ઉપાડવાનું મન થાય છે એટલે એ હરિભક્તોની સરળતા, હુંફ અને પ્રેમલાગણી છે, તો અમે પણ ક્યાં જઈશું ? પણ માફ કરજો, લાઈવ થાય છે અને જાહેરમાં કહું છું કે હું જવાબ આપી શકતો નથી કારણકે સંખ્યા બહોળી થતી જાય છે. **દેવના હરિભક્તો બહુ વધતા જાય છે અને એ પણ દેવના લીધે વધે છે.**

હમણા સિધ્ધેશ્વર સ્વામીએ કહ્યું ને કે એકાવન શબ્દમાં વન આવે એટલે વનમાં ગયા તો **વનમાં જઉં એવો હું નહિ એક ગહન વાત કરું તો ત્યાગની વ્યાખ્યા એ છે કે, હિમાલયમાં જઇને એકલા રહેવું એ ત્યાગની વ્યાખ્યા નથી પરંતુ ભીડમાં રહીને હિમાલય અંદર રાખવો એ**

**સાચો ત્યાગ છે. અહીં રહ્યા થકા ત્યાગી બની શકાય છે. જ્યારે વનમાં ગામ ભેગું કરીને ઘણા ત્યાગી બની શકતા નથી. આ હકીકત છે.**

મહારાજના વન વિચરણ સમયે એક બાવાનો પ્રસંગ આવે છે. તમે જાણતા હશો. વનવિચરણમાં બુટોલપુરથી ચાલતા રસ્તામાં માતારીપુર નામનું એક ગામ આવ્યું. ત્યાંનો રાજા લોભી હોવાથી સુવર્ણ સિધ્ધિના આશયે ઘણા ભેખધારીઓને રાખતો. મહારાજે તેનું અજ્ઞાન દૂર કર્યું. મોક્ષનો ઉપાય કહ્યો. એટલે રાજાનો ભાવ જોઈ મહારાજ બે માસ ત્યાં રોકાયા. જવા તૈયાર થયા ત્યારે રાજાએ પેલા બાવાની વાત કરી કે મારા ગુરૂ નજીકના વનમાં ભોંયરામાં રહે છે. અને તે અન્ન, ફળ, કંઈ જમતા નથી. આજે પણ ઘણા લોકો આવી જ વાત કરતા હોય છે ને ! આવતી કાલે મારા ગુરુ ભોંયરામાંથી બહાર નીકળશે અને તે પૂનમ સુધી બહાર રહેશે. કારણકે શરદ પૂર્ણિમા હોવાથી ત્યાં હજારો માણસોનો મેળો ભરાય છે. હું પણ સ્વારીએ સહિત ત્યાં દર્શન કરવા જઉં છું. તો આપ મારા ગુરૂને મળીને પછી પધારજો. ૧૨ મહિને એક જ વાર દર્શન આપે છે.

મહારાજ કહે, તમારા ગુરૂ અન્ન, જળ, વિના જે જીવે છે, તે ફક્ત માનથી જીવેછે. તમારે જો પરીક્ષા કરવી હોય તો ચોકી રાખીને બંદોબસ્ત કરો કે કોઈપણ માણસ ત્યાં જાય નહી. કોઈપણ માણસને દેખશે નહી એટલે માનખંડન થશે અને તેથી મરી જશે. રાજાએ પરીક્ષા કરી. ગુરૂ ભોંયરામાંથી બહાર આવ્યા, પૂનમ સુધી રાહ જોઈ પણ કોઈ માણસો આ વખતે આવ્યા નહી તેથી માનભંગ થતા નિરાશ થઈને મરી ગયા ! રાજાને શ્રીહરિની પ્રતીતિ આવી એટલે શ્રીહરિનો આશ્રિત થયો.

હવે આ બાવો લોકોનેમાટે જ પેદા થયો, માન માટે જ જીવતો હતો ને ! આપણે ધ્યાન રાખવાનું કે દેવ સિવાય કોઈની રાહ ન જોવી, મારી પણ નહીં ! હું તો પોસ્ટમેન છું. ચિઠ્ઠિઓ આમથી આમ કરું છું.

એકાવન થયા, બાવનેય થશે, એ બધું થશે. જે થશે તે દેવના નામનું થશે અને દેવના માટે થશે.

**આ હરિયાળી આ પુષ્પો છોડીને વનમાં જઉં એવો હું નથી. હું એવો Defress**(માનસિક નબળાઈ ઢીલું થવું) **માણસ નથી. વનમાં કો'કને મોકલી આપું.** અને હવે તો બાપજીએ મારું **Introduction** (ઓળખાણ કરાવવી) જેવું છે એવું આપી દીધું એટલે હવે તો ખુલ્લે આમ આવી ગયો છું. **ભલભલાને વનમાં મોકલી દઉં. જે ભગવાનના નહીં હોય, અવળચંડાઈ કરશે, તેને મોકલી આપીશું.** માટે ચિંતા ન કરતા. લીસ્ટ આપતા રહેજો, મોકલતા રહીશું, બે-ચારને તો મોકલ્યા, તમે જાણો છો.

આવતીસાલથી મંદિરોના પાટોત્સવમાં લાલજી મહારાજશ્રીને લઈ જજો. હા, ૨૫-૫૦ વર્ષના મોટા ઉત્સવો હોય તો હું જરૂર આવીશ. પ્રતિષ્ઠા કરીશું. કારણ કે એ તો અમારો ધર્મ છે. તકલીફ એ છે કે જે ગામમાં ઉત્સવ હોય એ ગામવાળા બિચારા તાવેથો હલાવતા હોય છે. એટલે વરઘોડા બહુ કાઢ્યા ને પછી જેમ બંધ કર્યું એમ ડાયરીમાં લીસ્ટ લખવાનું બંધ કરવું છે. લખ્યા વિના એક દિવસ પહેલા કહીને આવીશું. એટલે સાચા હોય એ હાથમાં આવે. એવી જગ્યાએ જઈશ કે જ્યાં ૧૦-૧૦ વર્ષથી ગયા નથી. ત્યાં પહેલા જઈશ. હરિભક્તો કેટલા છે એ જોવાનું નથી. જેટલા પણ હોય એ ભગવાનના ભક્ત છે. મંદિર હોય, ભગવાન હોય તો જીવનું રૂડું થાય.

૫૦ વર્ષે નિવૃત્તિનો વિચાર હતો. લાલજી મહારાજને બે વર્ષનો **Grace Period** (કૃપા મુદત) આપીએ. પછી હું પડદા પાછળ રહીને સેવા કરીશ. આ તો અમારો વિચાર છે. બાકી મહારાજની મરજી પ્રમાણે બધું થશે. **મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.** તો આપણાથી એક ખાટલાના પાયા પણ સરખા ન થતા હોય તો આખી દુનિયા બદલવા જઈએ એવું નથી કરવું.

**નરનારાયણદેવનો આશ્રય છે એ ગળથૂથી ઘોડિયામાંથી મળી છે. બસ, એના થઈને રહ્યા છીએ અને છેલ્લા શ્વાસ સુધી એમના થઈને રહીશું. એ જ કરવાનું છે.** બીજું શું કરવાનું છે ?

પ્રત્યક્ષ એકત્રિત થયા છો અને દેશ વિદેશથી મેસેજ આવ્યા છે એ આપ સૌને પરિવાર સાથે નરનારાયણદેવ સુખી સંપન્ન કરે, નરનારાયણદેવ સદાય આપની સાથે રહે અને આ હરિયાળીમાં દિન પ્રતિદિન વૃધ્ધિ થતી રહે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

## પૂનમ સત્સંગ સભા

**માગસર સુદ-૧૫ પૂનમની સત્સંગ સભાના યજમાનશ્રી અ.નિ. નારાયણભાઈ ખુશાલદાસ પટેલ પરિવાર (મોખાસણવાળા), પ.ભ. રમેશભાઈ નારણભાઈ પટેલ, પ.ભ. વિનોદભાઈ નારણભાઈ પટેલ, પ.ભ. અશ્વિનભાઈ નારણભાઈ પટેલ, નારાયણ ડેવલોપર્સ, ગોમતીબેન ગોપાલભાઈ પટેલ - વડુ - અમેરિકા**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-ડિસેમ્બર-૨૦૨૩

| | |
|---|---|
| તા. ૦૩-૧૨-૨૦૨૩ | પ.ભ.શ્રી ચંદ્રેશભાઈ હસમુખભાઈ સોની |
| તા. ૦૮-૧૨-૨૦૨૩ | પ.ભ.શ્રી ઋત્વિક જયેશભાઈ ગજ્જર - નારણપુરા - લગ્ન પ્રસંગે. |
| તા. ૧૦-૧૨-૨૦૨૩ | અ.નિ. શ્રીમતિ કાશ્મીરાબેન ઉદયનભાઈ મહારાજા - વિસનગર. |
| તા. ૧૧-૧૨-૨૦૨૩ | પ.ભ.શ્રી હસમુખભાઈ શંકરલાલ ભાવસાર - વડનગરવાળા-ઘાટલોડિયા. |
| તા. ૧૭-૧૨-૨૦૨૩ | શ્રીમતી મીતાબેન ભરતભાઈ પટેલ - નારણપુરા |
| તા. ૧૯-૧૨-૨૦૨૩ | પ.ભ.શ્રી પ્રિયેશ વિરજી ખેતાણી - સિડની ઓસ્ટ્રેલીયા. |
| તા. ૨૪-૧૨-૨૦૨૩ | પ.ભ.શ્રી મહેશભાઈ લાલજીભાઈ ઠક્કર - આંબાવાડી. |
| તા. ૨૬-૧૨-૨૦૨૩ | પ.ભ.શ્રી હિતેન્દ્રકુમાર વિષ્ણુભાઈ પટેલ - રાણીપ |
| તા. ૨૮-૧૨-૨૦૨૩ | પ.ભ.શ્રી સવિતાબેન ચંદુલાલ પટેલ - અમદાવાદ. |
| તા. ૨૯-૧૨-૨૦૨૩ | પ.ભ.શ્રી ઘનશ્યામભાઈ શંકરલાલ બેચરદાસ પટેલ - મોખાસણવાળા-સોલા. |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી-ડિસેમ્બર-૨૦૨૩

| | |
|---|---|
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ.શ્રી ડાહ્યાભાઈ નારાયણદાસ પટેલ (માણસાવાળા) |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com

### ધર્મકુળની પધરામણી અંગે હરિભક્તોને અગત્યનું સૂચન

સર્વે હરિભક્તોને જણાવવાનું જે, આપને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની સત્સંગના કોઈપણ પ્રસંગની પધરામણીની તારીખ લેવા માટે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દર એકાદશી-પૂનમના રોજ પધારે ત્યારે જ આપના પ્રસંગની તારીખ, કાર્યક્રમ માટે રૂબરૂ મળીને સમય મેળવી લેવો. **ઉપરોક્ત કામ પ્રસંગે કોઈએ પણ પૂ. મહારાજશ્રીના બંગલે શ્રીસ્વામિનારાયણ બાગ જવું નહીં. જેની સૌ હરિભક્તોએ ખાસ નોંધ લેવી.**

સંપર્ક : કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી ● મો. : ૯૯૦૯૯૭૬૦૦૯

### પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પધરામણી અંગે અગત્યનું સૂચન

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પધરામણીની તારીખ લેવા માટે બહેનોએ કાલુપુર મંદિર હવેલીમાં સાંખ્યયોગી બહેનોનો સંપર્ક કરવો. **ઉપરોક્ત કામ પ્રસંગે કોઈએ પણ શ્રીસ્વામિનારાયણ બાગ મેમનગર જવું નહીં. જેની સૌ બહેનોએ ખાસ નોંધ લેવી.**

॥ निमंत्रणम् ॥

## સમગ્ર ધર્મકુળનાં સાંનિધ્યમાં
## શ્રી નરનારાયણદેવ દેશનો સંયુક્ત



# ॥ શાકોત્સવ ॥

**રવિવાર તા.28-1-2024**

સ્થળ:- “પર્વ”ગ્રાઉન્ડ, જમીયતપુરા,અમદાવાદ

अवतीर्य निजाक्षरात्परादिह मूर्त्यां बदरीवने स्थितः ।
भुविभारतजीवशर्मणे नरनारायणदेव पाहिमाम् ॥

ધર્મકુળ આશ્રિત પ.ભ.શ્રી

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને મુમુક્ષુઓને જીવન જીવવામાં આશીર્વાદરૂપ જ્ઞાન પ્રાપ્ત થાય તેવા શુભ હેતુથીગુજરાતનાં ગામોગામ સત્સંગ કરાવ્યો અને તે સત્સંગને પોષણ મળી રહે તેવા હેતુ થી વારંવાર ઉત્સવ સમૈયા કરી સત્સંગને નવ પલ્લવિત રાખતા. આવા વિવિધ ઉત્સવોમાંનો એક ઉત્સવ લોયામાં શાકોત્સવનો કર્યો હતો. તે શાકોત્સવનું મહત્વ એટલા માટે વધી જાય છે કે તેમાં શ્રીજી મહારાજે છપિયાથી સૌ પ્રથમવાર ધર્મકુળને તેડાવેલ. વળી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવની મૂર્તિની આરતી પણ શ્રીજી મહારાજે ત્યાં ઉતારી હતી. શ્રીજી મહારાજે સ્વયં સંતો હરિભક્તો માટે બનાવેલ શાકની દિવ્યતાની તો કલ્પના જ કરવી રહી. તેથી જ તે ઉત્સવમાં કેટલા કિલો ઘી કેટલાય કિલો રીંગણ વપરાયા હશે તે બાબત ગૌણ બની જાય છે.

આવા ઉત્સવને અને તેની દિવ્યતાને સ્મરણ કરવાનો અવસર સમગ્ર અમદાવાદ દેશના સંયુક્ત શાકોત્સવમાં તાદશ્ય થશે. તેથી શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના સાંનિધ્યમાં તા. ૨૮-૦૧-૨૦૨૪ને રવિવારના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ પ્રસંગે લાભ લેવા પધારવા આપ સૌને મિત્રમંડળ સહિત નિમંત્રણ પાઠવીએ છીએ.

-: નિમંત્રક :-
સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી
તથા સર્વે સંત મંડળના ખૂબજ હેતપૂર્વક જયશ્રી સ્વામિનારાયણ

## ॥ મંગળ કાર્યક્રમ ॥

**શાકોત્સવ પ્રારંભ : સાંજે ૪-૦૦ કલાકે**
**સાંસ્કૃતિક કાર્યક્રમ : સાંજે ૬-૩૦ કલાકે**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ એક**

**લાઈવ પ્રસારણ www.swaminarayan.in અને કાલુપુર મંદિરની ચેનલ પર**

# સર્વોપરિ ધામ છપિયામાં
# પ.પૂ.ગાદીવાળાશ્રીની નિશ્રામાં
# સત્સંગ શિબિર, પદયાત્રા
# અને પારાયણ




छपिया मन्दिर

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગસભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "આપણે જ્ઞાની જેવા બનવાનું છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આટલા બધા મહારાજના લીલાચરિત્ર સાંભળ્યા પછી શું કહેવાનું ! જમ્યા પછી ગળ્યું ખાઈએ ને પછી કાંઈ ખાવાનું મન થાય ? એમ આટલા બધા ભગવાનના ચરિત્રો સાંભળ્યા પછી કાંઈ કહેવાનું સુઝતું જ નથી. ખાસ તો એ કહેવાનું કે આ પારાયણના જે યજમાન બન્યા તેમણે યજમાનપદનો ખૂબ સરસ લાભ લીધો. અને બધાને સરસ લાભ આપ્યો અને મને પણ બહુ સરસ, ઘણો બધો લાભ મળ્યો. યજ્ઞમાં બેસવાનુ મળ્યુ. રાજોપચાર થયો અને જેટલા બધા આપણે અહીં બેઠા છીએ ને એટલા બધાને ભગવાને પસંદ કર્યા છે. એટલે આપણે બધા અહીં બેઠા છીએ. હું ઘણી વખત આ વાત કરું છું પણ એનું કારણ એ છે કે આપણે સૈદ્ધાંતિક રીતે જોઈએ તો **આપણે જે ભરતખંડમાં રહીએ છીએ તેના રાજા 'નરનારાયણદેવ' છે અને આ ભરતખંડમાં કરોડો લોકો રહે છે પણ આ નરનારાયણદેવના સાન્નિધ્યમાં બેસવાનો લાભ બધાને નથી મળ્યો. આપણને બધાને આ નરનારાયણદેવના સાન્નિધ્યમાં બેસવાનો લાભ મળે છે. એનાથી મોટી વસ્તુ કોઈ નથી. આવી તક મળે સત્સંગમાં, એ ભગવાનની 'કંકોત્રી' છે. ભગવાન કાંઈ રૂબરૂ કંકોત્રી આપવા નથી આવતા. અંતરમાં પ્રેરણા થાય, સત્સંગમાં આવવાનું મન થાય એટલે સમજી લેવાનું કે ભગવાને તમને યાદ કર્યા છે.** તો આવી રીતે સત્સંગમાં આવવાના સંજોગો મળે ત્યારે ભગવાનને 'ધન્યવાદ' આપવાના. ભગવાન પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના રાખવાની. કેમ કે ? જેટલી વાર કથામાં બેસો એટલીવાર દુઃખ તકલીફ બધુ ભૂલાઈ જાય છે. બધાને ઘરમાં પ્રશ્નો હોય જ છે. પણ આપણા દુઃખ અને તકલીફ નાના કહેવાય. કેમ ? કે કોઈ માણસ ૧૦૦% સુખી નથી, દુઃખ અને તકલીફ બધા પાસે છે. પણ **આપણી પાસે એ તકલીફોની સાથે સાથે 'નરનારાયણદેવ' પણ છે જે બધાની પાસે નથી. આપણે એ રીતે વિશેષ છીએ. એટલે આપણું પલ્લું ભારે છે.** માયાના જગતમાં છીએ એટલે દુઃખો તો આવશે પણ આપણી પાસે નરનારાયણદેવ છે એટલે આપણને એ દુઃખો નડશે નહિ. આપણા પ્રારબ્ધમાં દુઃખ લખેલું હોય તો ભગવાન ઓછું કરી આપે છે. ઓછું ન થાય એમ હોય તો સહનશક્તિ અને ધીરજ વધારી આપે છે. રસ્તો બતાવે છે. એટલે આપણું પલ્લું ભારે છે. બીજું મંજુબાએ વાત કરી તે ૧૦૦% સાચું કીધું કે આજકાલ બધા પોતાને ભગવાન તુલ્ય માની લે છે. ભગવાન બનવાની કોશિષ કરે છે. ભગવાન જેવી લીલા કરે છે. પણ એને લીલા ન કહેવાય ઢોંગ કહેવાય. મહારાજે શિક્ષાપત્રીમાં કીધું છે ને કે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે, તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા તે પણ ધ્યાન કરવા યોગ્ય છે, માટે એમનું ધ્યાન કરવું અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી માટે એમનું ધ્યાન ન કરવું. શિક્ષાપત્રી શ્લોક ॥૧૧૫॥ **ભગવાન જેવા તો એક ભગવાન જ હોય છે. ભગવાન જેવું કોઈ નથી. ભગવાનના એક ચરણના એક નખના રજના એક કણ બરાબર પણ આખા બ્રહ્માંડમાં કોઈ નથી. માટે ધ્યાનથી ધ્યાન કરવું** અને ભગવાનનું ધ્યાન કરવા બેસો ત્યારે પણ બીજાનું ધ્યાન ના થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખવાનું અને પૂજા કરવા બેસો ત્યારે પણ ધ્યાન રાખવાનું. આપણે માયાના ક્ષેત્રમાં રહીએ છીએ એટલે ધ્યાનમાં ચિત્તની વૃત્તિઓ ભટકે એ સ્વાભાવિક છે. પણ એનાથી ગભરાઈ નહિ જવાનું. દીનહીન થઈને બેસી નહિ જવાનું પણ થોડું ધ્યાન રાખવાનું અને એક સભામાં જઈ આવ્યા, એક હોમાત્મક યજ્ઞ કરી લીધો. એટલે માયામાંથી પાર ઉતરી ગયા એવું નથી થવાનું તાત્કાલિક ચમત્કાર નહિ થાય, ધીમે ધીમે થાય છે. ધીમે ધીમે આત્મબળ વધે છે. જ્ઞાન, બુધ્ધિ, વિવેક બધુ ધીમે ધીમે વધે છે. ગૃહસ્થ હોવા છતાં પણ આપણે વૈરાગી થઈ શકીએ છીએ. એના માટે આપણે જ્યાં બેઠા હોય ત્યાં આપણું ૧૦૦% આપો અર્થાત્ ધારો કે તમે બધા અત્યારે કથામાં આવ્યા છો તો તમારી ચિત્તની વૃત્તિઓને સંપૂર્ણપણે હાજર રાખવાનો પ્રયાસ કરવાનો. ૧૦૦% હાજરી આપવાની અર્થાત્ તમે જે કાર્ય કરો તેમાં ૧૦૦% ધ્યાન રાખો તો તમારું કાર્ય સરસ રીતે સફળ થાય છે. સમય બધાનો કીંમતી છે. તમે અહીં સમય કાઢીને આવો છો તો ૧૦૦% આપો તો એ બધું

સફળ થશે. નહિતર બધું વ્યર્થ જશે. **૧૦૦% આપો તો આપણે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં વૈરાગીની જેમ વર્તન કરી શકીએ એવો વિવેક આવે છે.** આપણું જ્ઞાન વધે છે. આપણે વૈરાગી જેવું બનાય છે. આપણું જે કર્તવ્ય છે. વ્યવહારિક, સાંસારિક જે જવાબદારી છે એ પણ સરસ નિભાવી શકીએ એવું આત્મબળ મળે છે. અને અધ્યાત્મમાં પણ આગળ વધી શકીએ એવું આત્મબળ આવી જાય તો એ ઉત્તમ છે. જ્ઞાની અને અજ્ઞાનીમાં ફેર શું છે ? **જ્ઞાનીના મનમાં ચિંતન, મનન, તર્ક-વિતર્ક ઉભા થાય છે. પણ વાસનાઓનો અભાવ હોય છે. એટલે એ આસક્ત થતા નથી. અને અજ્ઞાનીના મનમાં વાસનાની પ્રધાનતા હોય છે. તો આપણે જ્ઞાની જેવા બનવાનું છે.** એટલા માટે આ સભા-સત્સંગ બધુ થાય છે. કેમ કે ચોર્યાસી લાખ યોનિમાં આપણને એક જ વખત આ તક મળે છે. તેને વ્યર્થ નહિ જવા દેવાની. ૮૩,૯૯,૯૯૯ જન્મ પછી આપણને આ જન્મ મળ્યો છે. પાછું આટલું ફરવાની હિમ્મત છે. આપણામાં ?

ગંગાસતીના ભજનમાં આવે છે ને એ બહુ સરસ છે કે :-

**વીજળીના ચમકારે મોતીડા પરોવી લ્યો**
**અચાનક અંધારા થાશે રે....**
**જોત રે જોતામાં દિવસો વીયા રે ગયા,**
**૨૧૬૦૦ ની કાણ થાશે રે.....**

તો ૨૧૬૦૦ ની 'કાણ' એટલે વૈજ્ઞાનિક રીતે જોઈએ તો માણસ રોજના ૨૧૬૦૦ શ્વાસ લે છે. જેમ જેમ દિવસો વીતતા જાય છે તેમ તેમ આપણા એક એક દિવસ કાળના મુખમાં જાય છે. આપણા આયુષ્યમાંથી આપણા એક એક શ્વાસ ઓછા થાય છે. એ બધા શ્વાસ કાળના મુખમાં જાય છે. આપણે કાલે કરશું એમ વિચારીએ છીએ પણ આજે તક મળી છે. તેનો ઉપયોગ કરી લઈએ તો એ વધારે સારુ છે. અને આજે જતનબાનું ચરિત્ર સાંભળવાની બધાને મજા પડી? ચેષ્ટાના પદો પણ બધા સાંખ્યયોગી બહેનોએ આપણને બહુ જ સરસ દૃષ્ટાંત સહિત સમજાવ્યા. તો હવે તેને યાદ કરવાની જરૂર પણ નહિ પડે, જાતે જ યાદ આવી જશે. એવા સરસ ભગવાનના લીલાચરિત્રોથી સભર કથા સાંભળવાનો લ્હાવો આપણને સૌને મળ્યો તો આજના દિવસે ભગવાનના ચરણોમાં એ જ પ્રાર્થના કે તમારા બધાનું 'આત્મબળ' મહારાજ ખૂબ વધારે.

### છપૈયાધામમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના સાંનિધ્યમાં સત્સંગ શિબિર

સંપ્રદાયનું સર્વોપરિ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર છપૈયા ધામે તા. ૨૫-૧૨-૨૦૨૩ થી તા. ૨૭-૧૨-૨૦૨૩ પર્યન્ત આપણા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના શુભ સાંનિધ્યમાં સુંદર મહિલા સત્સંગ શિબિરનું આયોજન થયું. તા. ૨૫-૧૨-૨૦૨૩ થી ૨૭-૧૨-૨૦૨૩ શ્રી ઘનશ્યામ બાલ ચરિત્રની અદ્‌ભુત કથા સાંખ્યયોગી બહેનોના વક્તાપદે થઈ હતી. તા. ૨૮-૧૨-૨૦૨૩ ના રોજ છપૈયાધામમાં આવેલા બાલ ઘનશ્યામ મહારાજના પ્રસાદીના તીર્થોની પદયાત્રા પ.પૂ. ગાદીવાળાશ્રીની નિશ્રામાં થઈ હતી. જેમાં ૮૦૦ જેટલા બહેનો પદયાત્રામાં જોડાયા હતા. પ.પૂ. ગાદીવાળાશ્રી મંદિરમાં ધનુર્માસમાં જેટલા દિવસ રોકાયા તેટલા દિવસ વહેલા ધૂનમાં પધારતા. સંપ્રદાયનું સર્વ શ્રેષ્ઠ જેની કોઈ ઉપમાં ન અપાય તેવા અલૌકિક તીર્થમાં સત્સંગી બહેનોને પ.પૂ. ગાદીવાળાશ્રીએ મહા સુખ આપી ખૂબજ રાજી કર્યા હતા. છપૈયા મંદિર દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## નવા નિયુક્ત મહંત સ્વામીશ્રી

### શ્રી નરનારાયણદેવના નવા પૂજારીશ્રીની નિયુક્તિ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના શ્રી નરનારાયણદેવ ના નવા પૂજારી તરીક સ.ગુ. બ્રહ્મચારી સ્વામી ઘનશ્યામપ્રકાશાનંદજી ગુરુ બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી અને સ.ગુ. બ્રહ્મચારી સ્વામી રામેશ્વરાનંદજી ગુરુ બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી ને નિયુક્ત કરવામાં આવ્યા છે.

●

શ્રી સ્વામિનારાયણ મંદિર **એપ્રોચ બાપુનગર સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી દિવ્યપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી** (નારાયણઘાટ મંદિર મહંતશ્રી)ને નિયુક્ત કરવામાં આવ્યા છે.

●

શ્રી સ્વામિનારાયણ મંદિર **ગાંધીનગર (સેક્ટર-૨) સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી શ્રી વ્રજભૂષણદાસજી ગુરુ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામીશ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી** (કાલુપુર-અમદાવાદ મંદિર મહંતશ્રી)ને નિયુક્ત કરવામાં આવ્યા છે.

# સત્સંગ સમાચાર

## અમદાવાદ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂન મહોત્સવ

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સદ્. શાસ્ત્રી સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા, માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ શ્રી નરનારાયણદેવના પવિત્ર સાન્નિધ્યમાં તા. ૧૬ ડિસે. ૨૦૨૩ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ સુધી સતત એક માસ પર્યન્ત જીવપ્રાણીમાત્રને મહાસુખ આપનાર મહા અલૌકિક મહામંત્ર 'શ્રી સ્વામિનારાયણ' ધૂન પ્રાતઃ ૫-૦૦ કલાકે રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજ સન્મુખ અને ત્યારબાદ પ્રસાદીના ભવ્ય સભા મંડપમાં ૫-૩૦ થી ૬-૩૦ સુધી થઈ હતી. કડકડતી ઠંડીમાં નાના-નાના ભૂલકાઓ ભાઈઓ-બહેનો અને વયોવૃધ્ધ હરિભક્તો પણ આખો માસ ધૂનમાં લાભ લેવાનું ચૂક્યા ન હતા. આખો સભા મંડપ સંત-હરિભક્તોની ભીડથી ચિક્કાર ભરાઈ જતો. એવી જ રીતે હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં સાંખ્યયોગી બહેનો અને સત્સંગી બહેનોએ હજારોની સંખ્યામાં ધૂનમાં મહા અલૌકિક લાભ લીધો હતો. રોજેરોજ ધૂનમાં લાભ લેતા ભક્તોને અવનવી વિવિધ ભગવાનને ધરાવેલ અલૌકિક મીઠાઈ, સ્વીટ પ્રસાદરૂપે સુંદર પ્લાસ્ટીકના નાના બોક્ષમાં આપવામાં આવે છે. માસિક ધૂન કરાવનાર ભક્તોને ૨ મોટા પ્લાસ્ટીકના સુંદર બોક્ષમાં અડદીયો-મગસનો ૨ કીલો અલૌકિક પ્રસાદ આપવામાં આવતો હતો. તદુપરાંત આખા માસના પ્રસાદ માટે શ્રધ્ધાળુ પ્રેમી દેવ-ધર્મકુળની નિષ્ઠાવાળા હરિભક્તોએ આવા સુંદર સેવા યજ્ઞમાં પ્રસાદના યજમાન બની સેવાનો લાભ લીધો હતો. આ બધી સેવા ખૂબજ કપરી મહેનત માગી લે તેવી છે. રોજે કલાકોના કલાકો સુધી સમૂહપ્રસાદના બોક્ષ, માસિક ધૂન પ્રસાદના બોક્ષ અને મુખ્ય યજમાનો અને સહ યજમાનોના પ્રસાદના બોક્ષ ભરવા, પ્રસાદ બનાવવો આદિ સેવા પૂ. મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ પૂ. સ.ગુ. સ્વામી જયપ્રકાશદાસજી (જે.પી. સ્વામી) અને ભંડારી સ્વામીએ આખો માસ જરાય આરામ કર્યા વગર કરી હતી. તેમને જેટલા ધન્યવાદ ઘટે તેટલા ઓછા પડે. રોજે ધૂનમાં હરિભક્તોની ટીમે પ્રસાદ વિતરણમાં પણ સુંદર સેવા બજાવી હતી. હજારો હરિભક્તોએ આખા માસની ધૂન જીવના મોક્ષાર્થે કરાવી હતી. દૈનિક ધૂન પણ હજારોની સંખ્યામાં થઈ હતી.

હજારોની સંખ્યામાં ભાઈઓ-બહેનોએ આખો માસ ધૂનમાં લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. તમામ પૂજ્ય સંતોએ પણ ધૂનમાં અને તન, મનની સેવામાં આખો માસ સેવા કરી હતી. શ્રી નરનારાયણદેવ દેશના નાના મોટા દરેક મંદિરોમાં ધનુર્માસ ધૂન વરસોથી થતી આવે છે. આ વખતનો ધનુર્માસ કાયમ યાદ રહે તેવો હતો. કેવું સુંદર અદ્‌ભુત આયોજન-આખું મંદિર રોશનીથી શણગાર્યું હતું. અલૌકિક પ્રસાદ-સભામાં કોઈને અડચણ ન પડે તેવું સુંદર આયોજન, આરતી, દર્શનમાં પણ કોઈ અવ્યવસ્થા ન થાય તેનું સતત ધ્યાન રખાયું હતું. આખો માસ પ્રસાદની સેવા કરનાર યજમાનોના સુંદર નામ સાથેનું મોટું વિશાળ બેનર મંદિર પાછળ લગાડવામાં આવ્યું હતું. માસિક ધૂન કરાવનાર ભક્તોનું ફલેક્ષ કલર બેનરમાં સભા મંડપમાં નામાવલિ લગાડવામાં આવી હતી. આ બધા સુંદર આયોજનો પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી આપણા પૂ.મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી તેમની સંત મંડળની ટીમ દ્વારા થયા હતા. ધન્ય ધન્ય છે આવા પૂજનીય સંતોને કે જેમના હૃદયમાં સતત સત્સંગ કેમ વૃધ્ધિ પામે તેજ રટણ-સ્મરણ હોય છે. (કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી)

## ધમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) છઠ્ઠો બહેનોના મંદિરનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. શા. સ્વા. શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા (ભાઈઓનું) છઠ્ઠો અને બહેનોના મંદિરનો પ્રથમ વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૯-૧૨-૨૩ થી તા. ૧૩-૧૨-૨૩ થી શિક્ષાપત્રી ભાષ્ય પંચાન્હ રાત્રીય પારાયણ સ.ગુ. શા. સ્વા. સૂર્યપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શા. સ્વા. ગોપાલચરણદાસજી (મૂળી-વાંકાનેર)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. સમગ્ર પ્રસંગના આયોજક સ.ગુ. જે.પી. સ્વામી (કાલુપુર) અને સ.ગુ. મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ) રહ્યા હતા. અ.નિ. ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ, ગં.સ્વ. કમળાબેન ઈશ્વરભાઈ પટેલ પરિવારે યજમાન પદનો લાભ લીધો હતો. તા. ૧૩-૧૨-૨૩ ના સુંદર શાકોત્સવ ઉજવાયો હતો. ગામના તમામ હરિભક્તોએ કથામૃતપાન કરી સુંદર લાભ લીધો હતો. તા. ૧૫-૧૨-૨૦૨૩ ના રોજ ગામના

પ્રજ્ઞાચક્ષુના લગ્ન પ્રસંગમાં આશીર્વાદ આપવા પધાર્યા ત્યારે પ.પૂ. લાલજી મહારાજશ્રી મંદિરમાં સંત મંડળ સાથે પધાર્યા હતા અને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભાનું સુંદર સંચાલન સ.ગુ. શા. ધર્મકિશોરદાસજીએ (મુક્તરાજ સ્વામી) સંભાળ્યું હતું. ધામોધામથી સંતો મહંતશ્રીઓ પધાર્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - ધમાસણા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પ્રથમ વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, મહંત સ્વામી સ.ગુ. શા.સ્વામી પી.પી. સ્વામી (જેતલપુરધામ) તથા વાલી મંદિરના કોઠારી હરિપ્રસાદદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગરમાં બિરાજમાન શ્રી ગોપીનાથજી મહારાજનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ તા. ૨-૧૨-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમપૂર્વક સંપન્ન થયો. અત્રેના સૌ હરિભક્તોએ ઠાકોરજીના અભિષેક, અન્નકૂટ દર્શન કરી ધન્ય બન્યા હતા. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌ સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (મહંત શા. પ્રેમપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઓળા ૨૫ મો વાર્ષિક પાટોત્સવ-શાકોત્સવ**

પરબ્રહ્મ પરમાત્મા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી અને ઓળા શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી નરનારાયણદેવ દેવ યુવક મંડળના સુંદર આયોજનથી તથા પાટોત્સવના યજમાન પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ, પ.ભ. બિન્દેશભાઈ જગદીશભાઈ પટેલ અને કથાના યજમાન સમસ્ત સત્સંગ પરિવાર ઓળા દ્વારા તા. ૧૪-૧૨-૨૩ થી તા. ૧૭-૧૨-૨૩ પર્યન્ત વિદુરનીતિ ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ. શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ મહંતશ્રી) ના વક્તા પદે સંપન્ન થઈ હતી. તા. ૧૭-૧૨-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ, શાકોત્સવ અને કથાની પૂર્ણાહુતિ કરીને સભામાં યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. ગોપાલચરણદાસજી (કલોલ)એ શોભાવ્યું હતું. ધામોધામથી સંતો મહંતશ્રીઓ પધાર્યા હતા.

(મુક્તસ્વરૂપ સ્વામી - લીંબડી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હનુમાનપુરા (સમૌ) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી તેમજ શ્રી સ્વામિનારાયણ મંદિર સમસ્ત સત્સંગ સમાજ હનુમાનપુરા (સમૌ) ના સુંદર આયોજનથી તા. ૯ થી ૧૩ ડિસેમ્બર-૨૦૨૩ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક સંપન્ન થયો. આ પ્રસંગના ઉપલક્ષમાં સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂ. સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સંગીતના મધુર સુરાવલી સાથે હજારો કથા-પ્રેમી ભક્તોએ કથા શ્રવણ કર્યું હતું. તા. ૧૩-૧૨-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન ભવ્ય મંદિરમાં ઠાકોરજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી સંપન્ન થઈ હતી. ત્યારબાદ સભામાં કથાની પૂર્ણાહુતિની આરતી કરીને યજમાન પરિવાર અને સમસ્ત હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર ગામે તન, મન અને ધનથી સુંદર સેવા કરી હતી. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજીએ (નારણઘાટ મહંતશ્રી) શોભાવ્યુ હતુ. ધામોધામથી સંતોએ પધારી આશીર્વાદ પાઠવ્યા હતા.

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**પાલડીવ્યાસ મંદિરમાં શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ.પૂ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી પાલડીવ્યાસ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૧૭-૧૨-૨૩ ના રોજ ભવ્ય શાકોત્સવ સંતોના વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો. પ.ભ. અંબાલાલ જીવરામદાસ પટેલ, અ.સૌ. નર્મદાબેન અંબાલાલ પટેલ પરિવારે મુખ્ય દાતા રૂપે સેવા કરી હતી. ગામના સર્વે હરિભક્તોએ નાની મોટી સેવા કરી હતી. ઉનાવા મંદિરના મહંત શા. સ્વા. દેવપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર) માર્ગદર્શક રહ્યા હતા. આ પ્રસંગમાં ધામોધામથી સંતો પધાર્યા હતા. (કોઠારીશ્રી પાલડીવ્યાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ ૩૦ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) તથા સ.ગુ. કોઠારી

સ્વા. હરિપ્રસાદદાસજીની (વાલી) પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ (તા. હિંમતનગર) નો ૩૦ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. તા. ૧૪-૧૨-૨૩ થી ૧૮-૧૨-૨૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુરધામ)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. તા. ૧૮-૧૨-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની અન્નકૂટ આરતી-કથાની પૂર્ણાહુતિની આરતી અને યજ્ઞની પૂર્ણાહુતિની આરતી થઈ હતી. ત્યારબાદ સભામાં સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શન-આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. સ.ગુ. મહંત શા.સ્વા. પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર) એ સુંદર આયોજન કર્યું હતું. (કોઠારીશ્રી ઈલોલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામ ૧૧૦ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામ (પરકોટા)નો ૧૧૦ મો પાટોત્સવ અને શાકોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો. ધામો ધામના સંત-હરિભક્તો પધાર્યા હતા. (સત્સંગ સમસ્ત વિરમગામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પંચવટી કલોલ ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ.પૂ. શા. સ્વા. ગુરુપ્રસાદદાસજીની પ્રેરણાથી તેમજ પંચવટી કલોલ શ્રી સ્વામિનારાયણ મંદિર સમસ્ત સત્સંગ સમાજ, શા. સ્વામી આનંદપ્રસાદદાસજીના આયોજન દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ પંચવટીનો ૬ઠ્ઠો પાટોત્સવ તા. ૧૬-૧૨-૨૩ થી તા. ૨૦-૧૨-૨૩ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીહરિ સ્મૃતિ કથા પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ મહંતશ્રી) ના વક્તાપદે થઈ હતી. તા. ૨૦-૧૨-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ૬ઠ્ઠા પાટોત્સવની આરતી ધામધૂમથી સંપન્ન થઈ હતી. પ્રાસંગિક સભામાં જેતલપુર ધામના પંચવટી મંદિરના નિર્માણ કર્તા પૂ. પી.પી. સ્વામી (જેતલપુર), અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શા. સ્વા. ગુરુપ્રસાદદાસજી આદિ ધામોધામના સંતોએ પ્રાસંગિક પ્રવચન કરી હરિભક્તોને રાજી કર્યા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. ગોપાલચરણદાસજી (કલોલ)એ સુંદર રીતે કર્યું હતું. પાટોત્સવમાં અનેક હરિભક્તોએ નાની મોટી સેવાના યજમાન બની લાભ લીધો હતો. (કોઠારીશ્રી પંચવટી મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કનીપુર ૫ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર મહંતશ્રી)ની પ્રેરણાથી તથા સમસ્ત સત્સંગ સમાજ કનીપુર ગામના સુંદર આયોજનથી તા. ૨૦-૧૨-૨૩ થી તા. ૨૧-૧૨-૨૩ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મંદિર કનીપુરનો ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ મહાગ્રંથની કથા સ.ગુ. શા.સ્વા. સુવ્રતસ્વરૂપદાસજી (કાલુપુર)ના વક્તા પદે થઈ હતી. તા. ૨૧-૧૨-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની અન્નકૂટ આરતી થઈ હતી. ધામોધામથી પધારેલા પૂજ્યનીય સંતોએ પ્રેરક આશીર્વાદ પાઠવ્યા હતા.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સભામાં સૌને રૂડા આશીર્વાદ આપીને ખૂબજ રાજી કર્યા હતા. સભાનું સુંદર સંચાલન સ.ગુ. મહંત શા. સ્વા. વ્રજભૂષણદાસજી (ગાંધીનગર સે-૨)એ શોભાવ્યું હતું. (કોઠારીશ્રી - કનીપુર)

**શ્રી સ્વામિનારાયણમંદિર કાલુપુર માગસર સુદ-૧૫ સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાન્નિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણા માર્ગદર્શનથી તેમજ કાલુપુર મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજીના સુંદર આયોજનથી આપણી પૂનમની સભાનું દર માસે સુંદર આયોજન થાય છે. તેજ રીતે માગસર માસ તા. ૨૬-૧૨-૨૩ ના પૂનમની સભા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે થઈ હતી. ગામોગામથી પધારેલા હજારો હરિભક્તોએ કથાનું શ્રવણ કર્યું હતું. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ યજમાન પરિવાર આદિ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આજની પૂનમની સભાના યજમાન અ.નિ. નારાયણભાઈ ખુશાલદાસ પટેલ પરિવાર (મોખાસણવાળા), પ.ભ. રમેશભાઈ નારણભાઈ પટેલ, પ.ભ. વિનોદભાઈ નારણભાઈ પટેલ, પ.ભ. અશ્વિનભાઈ

નારણભાઈ પટેલ, નારાયણ ડેવલોપર્સ, ગોમતીબેન ગોપાલભાઈ પટેલ - વડુ - અમેરિકા, દર પૂનમે દરેક હરિભક્તોને બે મિઠાઈ, ફરસાણ, રોટલી, શાક, દાળ-ભાત આદિ સુંદર પ્રસાદ જમાડવામાં આવે છે. જેમને પણ પૂનમની સભાના યજમાન બનવાની ઈચ્છા હોય તેમણે કોઠાર ઓફિસમાં પૂ. મહંત સ્વામીનો સંપર્ક કરવો. સભા સંચાલન પૂ. કોઠારી મુનિ સ્વામીએ કર્યું હતું.

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**કોટા (રાજ.) શ્રી સ્વામિનારાયણ મંદિર રવિ સભા - શાકોત્સવ**

પરમકૃપાળુ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા કોટા મંદિરના મહંતશ્રી સ.ગુ. શા. સ્વા. નારાયણમુનિદાસજી (કાલુપુર મંદિર કોઠારીશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી આપણા કોટા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર રવિવારે રવિસભાનું સુંદર આયોજન થાય છે. જેમાં ૧૫૦૦ જેટલા હરિભક્તોના બાળકો મૂળ સંપ્રદાયના જ્ઞાન સાથે સંસ્કારનું સિંચન પ્રાપ્ત કરે છે. રવિસભાથી નવા ઘણા શ્રીહરિના આશ્રિતો થયા છે. તા. ૨૪-૧૨-૨૩ ના આપણા મંદિરમાં રવિસભા સાથે ભવ્ય શાકોત્સવ કથા-કીર્તન-ભક્તિ ધૂન આદિ થયા હતા. જેમાં આપણા હિન્દી ભાષી મહંતશ્રી શા. ડી.કે. સ્વામી (માણસા), બ્ર. સ્વામી મુકુન્દાનંદજી (કાલુપુર) આદિ સંતોએ હિન્દી ભાષામાં રવિ સભા કરી શાકોત્સવનો મહિમા સમજાવ્યો હતો. ભક્તિ સ્વામી, મગનભાઈ, રાજુભાઈ પટેલ આદિએ સુંદર વ્યવસ્થા કરી હતી. કોટાના હરિભક્તોએ સુંદર યજમાન પદનો લાભ લીધો હતો. (કોઠારીશ્રી - કોટા મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) ૨૪ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી વ્રજભૂષણદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) નો ૨૪ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૩-૧૨-૨૩ થી તા. ૧૭-૧૨-૨૦૨૩ પર્યન્ત ઉજવાયો. પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણ સ.ગુ. શા. સ્વામી સત્યસંકલ્પદાસજી (કોટેશ્વર) ના વક્તાપદે હજારો હરિભક્તોએ કથા શ્રવણ કર્યું હતું. ૨૪ માં પાટોત્સવના યજમાન પ.ભ. રમેશભાઈ નથુભાઈ બાવરવા તથા સમસ્ત સત્સંગ સમાજ (સે-૨) ગાંધીનગર આદિએ લાભ લીધો હતો. તા. ૧૭-૧૨-૨૦૨૩ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૨૪ માં પાટોત્સવના ઉપલક્ષ્યમાં પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારી સભામાં યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી સંતો પધાર્યા હતા. પૂ. મહંત શા. સ્વામી વ્રજભૂષણદાસજીએ ખૂબજ સુંદર આયોજન કર્યું હતું. (કોઠારીશ્રી ગાંધીનગર સે-૨ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સોજા શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર મહંતશ્રી) તથા સ.ગુ. સ્વામી શ્રીહરિચરણદાસજી (કલોલ)ની પ્રેરણાથી સોજા ગામના પ.ભ. અ.નિ. રામકુંવરબેન શિવાભાઈ રેવીદાસ પટેલ પરિવારની દિવ્ય પ્રેરણાથી તેમના સૌ પરિવારના યજમાન પદે શ્રીજી મહારાજની પ્રસન્નાર્થે તા. ૧૮-૧૨-૨૦૨૩ થી તા. ૨૪-૧૨-૨૦૨૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી શ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સંગીતની મધુર સુરાવલી સાથે સંપન્ન થઈ હતી. ગામ અને આજુબાજુના ગામના હજારો હરિભક્તોએ કથાનું શ્રવણ કરી ધન્ય બન્યા હતા. તા. ૧૮-૧૨-૨૩ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સભામાં કથાનું શ્રવણ કરી સૌ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૧૯-૧૨-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. સભામાં બિરાજમાન થઈ કથા શ્રવણ કરી સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી નારાયણમુનિદાસજી (કાલુપુર કોઠારીશ્રી) અને સ.ગુ. શા. સ્વા. શ્રી ગોપાલચરણદાસજી (કલોલ)એ સુંદર રીતે સંભાળ્યું હતું.

(કોઠારી શા. સ્વા. મુનિદાસજી - કાલુપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ઘનશ્યામ નગર પાટીદાર) સુવર્ણ જયંતી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શા. સ્વા. ગુરુપ્રસાદદાસજી (કલોલ)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ઘનશ્યામનગર પાટીદાર) નો રજત જયંતી મહોત્સવ તા. ૨૧ થી ૨૫ ડિસેમ્બર પર્યન્ત ધામધૂમપૂર્વક ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્સત્સંગિભૂષણ ગ્રંથ અંતર્ગત શ્રીહરિ ઉત્તર વિભાગ વિચરણ કથાનું સ.ગુ. મહંત શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ)એ રસપાન કરાવ્યું હતું.

સમગ્ર આયોજન સમસ્ત સત્સંગ સમાજ - શ્રી નરનારાયણદેવ યુવક મંડળ માણેકપુર (ઘનશ્યામનગર) દ્વારા થયું હતું. ગામના દરેક ભક્તોએ યજમાન બની સેવા કરી હતી. તા. ૨૧-૧૨-૨૦૨૩ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને સેવા કરનાર સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૨૨-૧૨-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. નિજ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં બિરાજમાન થઈ સેવા કરનાર સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે કાલુપુરના મંદિરના પૂ. મહંત સ્વામીશ્રી આદિ ધામોધામથી અનેક સંતો-મહંતશ્રીઓ પધાર્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. ગોપાલચરણદાસજી (કલોલ)એ સુંદર રીતે કર્યું હતું. સમગ્ર ગામે ખૂબજ સુંદર આયોજન કરી મહાઅલૌકિક લાભ લઈ ખૂબજ ધન્યભાગી બન્યા હતા.

(કોઠારીશ્રી, માણેકપુર-ઘનશ્યામનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવા નિકોલના લાભાર્થે શ્રીમદ્ સત્સંગિજીવન રાત્રીય સપ્તાહ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર મહંતશ્રી)ની પ્રેરણા-માર્ગદર્શનથી તેમજ સમગ્ર સત્સંગ સમાજ પૂર્વ વિસ્તાર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ પૂર્વ વિસ્તાર (એપ્રોચ, બાપુનગર, હર્ષદકોલોની, કર્મ શક્તિ, નવા નરોડા, નિકોલ ગામ, આદિશ્વર નગર, નરોડાના સુંદર સહયોગથી નવા નિકોલ શ્રી સ્વામિનારાયણ મંદિરના લાભાર્થે તા. ૨૫-૧૨-૨૦૨૩ થી તા. ૩૧-૧૨-૨૦૨૩ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન રાત્રીય સપ્તાહ પારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે પ્રસંગે તા. ૩૧-૧૨-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને સ્વયં શાકનો વઘાર કરીને સભામાં સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. શા. સ્વામી શ્રી વ્રજભૂષણદાસજી (મહંતશ્રી ગાંધીગનર સે-૨)એ સુંદર રીતે સંભાળ્યું હતું. કથાના મુખ્ય યજમાન શ્રી પ.ભ. ડૉ. ઝવેરભાઈ આર. પટેલ પરિવાર હરિકૃષ્ણ કિડની હોસ્પિટલ રહ્યા હતા. ધામોધામના પૂજ્ય સંતો-મહંતશ્રીઓએ પધારી હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. જેના યજમાન પ.ભ. કાળુભાઈ પરસોતમભાઈ ગૌદાણી, પ.ભ. મેહુલભાઈ અરજણભાઈ વઘાસીયા પરિવાર રહ્યાં હતા. કથા દરમ્યાન ઘણાજ હરિભક્તોએ મંદિરના ભૂમિદાનમાં સેવા લખાવી હતી.

(કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી - કાલુપુર મંદિર)

**બામરોલી (મ.પ્ર.) મંદિર પાટોત્સવ**

આપણા આદિ આચાર્ય મહારાજ પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી જ્યારે જ્યારે છપૈયા પધારતા ત્યારે મધ્યપ્રદેશના બામરોલી ગામે રોકાતા. જેથી આ ગામના ભક્તો આપણા આદિ આચાર્ય મહારાજશ્રીને ભગવાનની જેમ માનતા-પૂજતા અને મહારાજશ્રીને પણ આ ગામ અતિ પ્રિય હતું. જેથી પૂ. મહારાજશ્રીના સંકલ્પથી શ્રી નરનારાયણદેવ દેશનું અહીં આપણું શિખરબધ્ધ નિર્માણ થયેલું છે.

તા. ૨-૧૨-૨૩ ના રોજ આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી હરિભક્તોના સમૂહ સાથે છપૈયા દર્શન કરી અહીં પધાર્યા હતા. જોગાનુજોગ ઠાકોરજીનો ૯૭ મો પાટોત્સવ અમદાવાદ કાલુપુર મંદિરના અ.નિ. ભંડારી સ્વામી રામચરણદાસજીના નિમિત્તે યોજાયો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવનો ષોડશોપચાર મહાભિષેક સંપન્ન થયો હતો. આ પ્રસંગે આપણા પ.ભ.શ્રી કરશનભાઈ રાઘવાણી તરફથી સમગ્ર બામરોલી ગામને જમાડવામાં આવ્યું હતું. મંદિરના મહંત સ્વામી લક્ષ્મીનારાયણ સ્વામીએ સુંદર વ્યવસ્થા કરી હતી. પ.પૂ. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી એ અહીં ગામ ફરતે દૂધની ધારા કરીને વચન આપ્યું છે કે અહીં જે કોઈ મૃત્યુ પામશે તેને મહારાજ તેડવા આવશે. ગમે તેવો જીવ હશે તેને જમનુ તેડું નહીં આવે. આજે પણ આ વચન જેમનું તેમ યથાર્થ છે. ગમે તેને ભગવાન દર્શન દઈને તેડી જાય છે. તેવા દાખલા હાલ પણ મોજુદ છે. (કોઠારી સ્વામી બામરોલી)

**નવાવાડજ બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર)ની પ્રેરણાથી તેમજ શ્રી સ્વામિનારાયણમંદિર સમસ્ત સત્સંગ સમાજ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નવાવાડજના સુંદર આયોજનથી તા. ૨૭-૧૧-૨૩ થી તા. ૩-૧૨-૨૩ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ બહેનોના મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા ના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ રાત્રીય સપ્તાહ પારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂ. સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી.

મહોત્સવના મુખ્ય યજમાન અ.નિ. અમૃતબેન શંભુભાઈ પટેલ લખતરીયા પરિવાર, શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિના યજમાન પ.ભ. રેવાબેન કનુભાઈ

પટેલ પરિવાર, શ્રી નરનારાયણદેવની મૂર્તિના યજમાન અ.નિ. સ.ગુ. શા. સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર)ની પ્રેરણાથી પ.ભ. કાંતિભાઈ ગોવિંદભાઈ પરમાર, શોભનાબેન કાંતિભાઈ પરમારે લાભ લીધો હતો. તા. ૩-૧૨-૨૩ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી સંપન્ન થઈ હતી. ત્યારબાદ યજ્ઞની પૂર્ણાહુતિની આરતી ઉતારી સભામાં બિરાજમાન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથાની પૂર્ણાહુતિની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. ઠાકોરજીની છપ્પન ભોગ અન્નકૂટ આરતી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. આ પ્રસંગે ધામોધામથી સંતો-મહંતશ્રીઓ અને સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગમાં સભાનું સંચાલન સ.ગુ. શા. સ્વામી વ્રજભૂષણદાસજી (મહંતશ્રી ગાંધીનગર)એ કર્યું હતું.

(કોઠારીશ્રી નવા વાડજ મંદિર)

## મૂળી પ્રદેશના સમાચાર

### મૂળી મંદિરમાં શાકોત્સવ

શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના શુભ સાન્નિધ્યમાં તા. ૨૯-૧૨-૨૩ ના રોજ મૂળી ધામ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂળી પ્રદેશનો ભવ્ય શાકોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકનો અલૌકિક વઘાર થયો હતો. ભગવાનના પુત્ર દ્વારા શાકનો પ્રસાદ લેવો એ તો ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય. સંત-હરિભક્તો દ્વારા ધૂન-કથા કીર્તન આદિ થયા હતા. હજારો મૂળી દેશના હરિભક્તોએ શાકોત્સવને માણી-દેવ દર્શન ધર્મકુળ દર્શન કરી ખૂબજ ધન્ય ધન્ય બન્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સર્વે સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. મૂળી મંદિરના મહંત સ.ગુ. શા. સ્વા. હરિપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શા. સ્વા. નારાયણપ્રસાદદાસજીએ સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. (કોઠારીશ્રી, મૂળી મંદિર)

### સુરેન્દ્રનગર મંદિર ૧૮ મો વાર્ષિક પાટોત્સવ

મૂળીધામ નિવાસી પરમકૃપાળુ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના સ.ગુ. સ્વા. ઉત્તમપ્રિયદાસજી, મંદિર નિર્માણ કર્તા સ.ગુ. સ્વા. પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી સુરેન્દ્રનગરના અ.નિ.પ.ભ. જયંતિલાલ કાળીદાસ પરીખ તથા અ.નિ. મુકુંદરાય કાળીદાસ પરીખ પરિવાર તરફથી અત્રે મંદિરનો ૧૮ મો વાર્ષિક પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ મહંત સ.ગુ. શા. સ્વા. બ્રહ્મવિહારીદાસજી તથા સ.ગુ. શા.સ્વા. સત્સંગસાગરદાસજીના વક્તાપદે થઈ હતી. તા. ૨૮-૧૧-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત-પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા અને નિજ મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી, સભામાં શ્રી તુલસી વિવાહ, શ્રીહરિયાગ અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને સૌ સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન શા. સ્વા. રાધારમણદાસજીએ શોભાવ્યું હતું. અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી અને અંજલી, મૂળી, ધોળકા, જેતલપુર આદિ ધામોથી સંતો પધાર્યા હતા. હરિભક્ત ભાઈઓ-બહેનોએ સુંદર સેવા કરી હતી.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)




સમગ્ર ધર્મકુળનાં સાંનિધ્યમાં
શ્રી નરનારાયણદેવ દેશનો સંયુક્ત

**॥ શાકોત્સવ ॥**

રવિવાર તા.28-1-2024

**સેવા**

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને પ.પૂ. લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને શાકોત્સવ ઉજવવાનું નિધરિલ છે.

મહા મહોત્સવમાં સેવાનો લાભ

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | - સહ યજમાનશ્રી |
| રૂા. ૫૧,૦૦૦/- | - શુભેચ્છક યજમાનશ્રી |
| રૂા. ૮,૧૦૦/- | - ઘી નો ડબ્બો - એક |
| રૂા. ૫,૧૦૦/- | - ગોળ - ૧૦૦ કિલો |
| રૂા. 3,૧૦૦/- | - સુકોમેવો - ૫ કિલો |
| રૂા. ૨,૧૦૦/- | - તેલ નો ડબ્બો - એક |
| રૂા. ૧,૧૦૦/- | - શાકભાજીની સેવા |

ઉપરોક્ત સેવા પોતાના નજીકના મંદિરમાં આયોજન થયુ હોય તો ત્યાંથી લાભ લેવો અથવા આપણા મુખ્ય મંદિર કાલુપુરથી લાભ લેવો સેવા લખાવી પાકી પહોંચ મેળવી લેવી.

શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ ઐક

કાલુપુર સેવા સંપર્ક નંબર
- કોઠારીશ્રી : મુનિ સ્વામી - ૯૯૦૯૯ ७૬૦૦૯
- કોઠારીશ્રી : બાલુ સ્વામી - ૯૪૨७૦ ७૦૩७૧
- સુરેશભાઈ પટેલ - ૯૧७૩૦ ૮૯૦૩૦

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**કારતક સુદ-૧** પ.ભ. મગનભાઈ ગોવિંદભાઈ સાંગાણી (નાના ગોખરવાળા). **કારતક સુદ-૨** પ.ભ. હાર્દિક ગોપાલભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. સ્મિત વિપુલકુમાર (અમદાવાદ), પ.ભ. જયસુખભાઈ કનુભાઈ જીયાણી (બાપુનગર), પ.ભ. મોહનભાઈ નરસાભાઈ પટેલ (લાલોડા), પ.ભ. જટાશંકર બાપા (ઈન્દૌર), પ.ભ. ભરતકુમાર જયંતીલાલ પટેલ (કાળીગામ). **કારતક સુદ-૩** પ.ભ. ચેતનભાઈ લાલાભાઈ પટેલ (કરજીસણ), પ.ભ. મફતલાલ લક્ષ્મીચંદ પટેલ (જામળા). **કારતક સુદ-૪** પ.ભ. લાલબાઈ લાલજીભાઈ કેરાઈ (ગાંધીધામ-કચ્છ), અ.નિ. અરવિંદભાઈ સોમચંદભાઈ પટેલ (મોખાસણ). **કારતક સુદ-૫** પ.ભ. મિતેષ રમેશચંદ્ર શાહ (અમદાવાદ), પ.ભ. લાલજીભાઈ પોપટભાઈ પટેલ (પચ્છમ), પ.ભ. પાવન ભરતભાઈ મોદી (કુડાસણ), પ.ભ. હિતેન્દ્રભાઈ નટવરલાલ બારોટ (જગરાલ), પ.ભ. મિનાક્ષીબેન મસ્કી (અમદાવાદ). **કારતક સુદ-૬/૭** પ.ભ. તુષાર ડાહ્યાભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. વિપુલભાઈ બાવચંદભાઈ લાખાણી (અમદાવાદ), અ.નિ. અંબાબેન એસ. દુમ્મર (પીપળજ). **કારતક સુદ-૮** પ.ભ. નારણભાઈ ગાંડાભાઈ ચૌધરી (પ્રતાપપુરા), અ.નિ. શકરીબેન જીવરામભાઈ (રાણીપ), પ.ભ. શાંતિલાલ નાથાલાલ પટેલ (ખેરવા), પ.ભ. શાંતાબેન અમૃતભાઈ પટેલ (સોજા). **કારતક સુદ-૯** પ.ભ. કિરણભાઈ ગોવિંદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. કકલભાઈ હેમચંદભાઈ પટેલ (અમેરિકા). **કારતક સુદ-૧૦** પ.ભ. ધવલભાઈ રસિકભાઈ પટેલ (ભાણપુર-વિજાપુર), પ.ભ. દેવશ્રી જીગરભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ. શિવજી દેવજી પાંચાણી (કેરા-કચ્છ). **કારતક સુદ-૧૧** અ.નિ. મેઘબાઈ શિવજી પાંચાણી (અમદાવાદ). **કારતક સુદ-૧૨** શ્રી રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજ પાટોત્સવ - હ. શૈલેષભાઈ ભાવસાર, પ.ભ. મયંકભાઈ કામદાર (પોરબંદર), પ.ભ. રાધાબાઈ લાલજી રાબડીયા (ભુજ-કચ્છ), પ.ભ. હિરેનભાઈ ચંદુભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. નીરૂબેન વિપુલભાઈ નટવરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. સંગીતાબેન પિયુષભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. કનુભાઈ જેરામભાઈ બાબરીયા (અમદાવાદ), પ.ભ. શૈલેષભાઈ પી. લાઠીયા (અમરેલી), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), શ્રી સહજાનંદ ઈમ્પેક્ષ શ્રી ઉર્મિક ચૌધરી (ઈશ્વરપુરા), પ.ભ. સુનિલકુમાર જયંતીભાઈ મોદી (અમદાવાદ), પ.ભ. લાભુબેન લક્ષ્મીકાંત વસાણી (રાજકોટ), પ.ભ. દેવશ્રી જીગરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. વાલબાઈ નારણ જેસાણી (બળદીયા-કચ્છ), અ.નિ. રંજનબેન રાજેશકુમાર પટેલ (અમદાવાદ). **કારતક સુદ-૧૩** શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર-ભક્તિનગર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે, અ.નિ. રમણભાઈ દલસંગભાઈ ચૌધરી (ભીમપુરા), પ.ભ. જીનલબેન કેતનભાઈ પટેલ, ગં.સ્વ. રેખાબેન નરોતમદાસ મીસ્ત્રી (અમદાવાદ), અ.નિ. રતનબાઈ વાલજી વેકરીયા (બળદીયા-કચ્છ), પ.ભ. માસુમ ભરતકુમાર પટેલ (કટોસણ). **કારતક સુદ-૧૪** પ.ભ. હેનિલ દિપકભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. શારદાબેન બી. સોની (બોટાદ), પ.ભ. બાબુભાઈ મણીલાલ પટેલ (દેલવાડા), અ.નિ. રમણભાઈ દલસંગભાઈ ચૌધરી (ભીમપુરા), પ.ભ. મંજુલાબેન ભીમજીભાઈ કાસોદરા. **કારતક સુદ-૧૫** અ.નિ. નારણ ખીમજી હિરાણી (માનકુવા-કચ્છ), પ.ભ. ઈન્દ્રવદનભાઈ રાવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. સંગીતાબેન કિરણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. દુર્લભભાઈ ગોવિંદભાઈ સાવલીયા (અમદાવાદ), પ.ભ. નિષ્ઠાબેન કનુભાઈ માલાણી (મહુવા).

**કારતક વદ-૧** પ.ભ. મનીષભાઈ રાવજીભાઈ પટેલ (અંબાપુર), પ.ભ. પ્રતિકકુમાર દશરથભાઈ પટેલ (ભાણપુર-વિજાપુર), પ.ભ. નિલેશભાઈ અમૃતભાઈ પટેલ (વેડાવાળા-અમદાવાદ). **કારતક વદ-૨** પ.ભ. ભાણાભાઈ કાનજી હિરાણી (માંડવી-કચ્છ), પ.ભ. રસિકભાઈ શિવદાસ પટેલ (આખજ), પ.ભ. સંજયકુમાર બાબુભાઈ પટેલ (માણસા), પ.ભ. પ્રતિકભાઈ રમેશભાઈ પટેલ (પોર). **કારતક વદ-૩** પ.ભ. શામજી વિસરામ વાલાણી (બળદીયા-કચ્છ), પ.ભ. સંજયભાઈ ગોરધનભાઈ પટેલ (મહેળાવ), પ.ભ. અશ્વિન શામજી ભંડેરી (નારાયણપર-કચ્છ). **કારતક વદ-૪** પ.ભ. કલ્પેશભાઈ દેવેન્દ્ર સોનેજી (હળવદ), પ.ભ. વિનોદભાઈ વાલજીભાઈ સોની (અમદાવાદ). **કારતક વદ-૫** અ.નિ. શિવજી વાલજી ભૂડીયા (માધાપર-કચ્છ), અ.નિ. મંગુબેન બળદેવભાઈ પટેલ (કુંડાળ-કડી), પ.ભ. ક્રિસિવ મિતુલકુમાર પટેલ (ધમાસણા), પ.ભ. ગોવિંદ દેવજી બારેવડીયા (સેલારી), પ.ભ. અંજલી યશભાઈ (પર્થ-ઓસ્ટ્રેલીયા). **કારતક વદ-૬** શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે સત્સંગ સમાજ, પ.ભ. ભરતભાઈ પ્રહલાદભાઈ (રાણીપ), પ.ભ. મનીષ જીતુભાઈ ચોકસી (અમદાવાદ), પ.ભ. રીના રાજુભાઈ ચૌધરી (બાલવા), પ.ભ. રમેશભાઈ ગોવિંદભાઈ સહ પરિવાર (કરજણ). **કારતક વદ-૭** પ.ભ. અનીષ મુકેશ કેરાઈ (રામપર વેકરા-કચ્છ), પ.ભ. દશરથભાઈ શંભુભાઈ પટેલ (વજાપર), પ.ભ. મહેન્દ્રસિંહ બહાદુરસિંહ ઝાલા (અડવાળ), પ.ભ. દિપકભાઈ કાનજી રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. બાબુભાઈ મણીલાલ શાહ પરિવાર (અમદાવાદ). **કારતક વદ-૮** પ.ભ. હરિશભાઈ કાનજી નાથા પિંડોરીયા (માનકુવા-કચ્છ). **કારતક વદ-૯** પ.ભ. રિધ્ધિ અને સિધ્ધિ લગ્ન પ્રસંગે બાપુનગર, પ.ભ. ડૉ. હિંમતલાલ જે. ચોપડા (કલકતા). **કારતક વદ-૧૦** પ.ભ. અરજણ પ્રેમજી હિરાણી (માનકુવા-કચ્છ), પ.ભ. લીલાબેન કનૈયાલાલ ચોકસી (અમદાવાદ), અ.નિ. કમલેશભાઈ કાંતિભાઈ પટેલ, પ.ભ. ધરણી ચંદ્રેશભાઈ પટેલ (લગ્ન પ્રસંગે) (આકરૂંદ). **કારતક વદ-૧૨** અ.નિ. મીરાબેન બાબુભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ભાવેશભાઈ ચિ. પુત્રીના લગ્ન પ્રસંગે (ભુજ-કચ્છ), પ.ભ. દેવર્ષીબેન રૂતુલકુમાર પટેલ (ગાંધીનગર), પ.ભ. ચાંદનીબેન સંજયભાઈ પટેલ (ડભાણ), પ.ભ. નાથાભાઈ ચતુરભાઈ પટેલ (લસુન્દ્રા), અ.નિ. વાઘજીભાઈ એમ. પટેલ (વડદલા), પ.ભ. દશરથભાઈ અંબાલાલ પટેલ (મોટેરા), પ.ભ. વિષ્ણુભાઈ કાંતિભઈ પટેલ (વડુ), પ.ભ. હર્ષદભાઈ પ્રભુભાઈ પટેલ (અમદાવાદ), હરિૐ સત્સંગ મંડળ (અમદાવાદ), પ.ભ. અલકાબેન જગદીશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. હાર્દિકભાઈ બી. પટેલ (ગાંધીનગર). **કારતક વદ-૧૪** અ.નિ. સ.ગુ. સ્વામી નંદકિશોરદાસજી તથા અ.નિ. સ.ગુ. સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી (ભુજ-કચ્છ). **કારતક વદ-૩૦** પ.ભ. હસમુખલાલ માંડલીયા (અમેરિકા)

# શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુર પરિવાર પરિચય ફોર્મ

નામ ------------------------------------------------------------

સરનામું ------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

મો. નંબર [ ] [ ]

ઈ-મેલ ID ------------------------------------------------------------

| | ગામ | તાલુકો | જીલ્લો |
|---|---|---|---|
| મૂળ વતન | ---------------- | ---------------- | ---------------- |

જન્મ તારીખ [ ] લગ્ન તિથિ [ ]

આપનું મંદિર કે જ્યાં નિત્ય દર્શને જાઓ છો [ ]

આપના નોકરી વ્યવસાયની વિગત ------------------------------------------------------------

------------------------------------------------------------

મંદિરને જરૂર પડે તો ક્યા વિભાગમાં અથવા ક્યા પ્રકારની સેવા કરી શકો એમ છો તેની વિગત

------------------------------------------------------------

------------------------------------------------------------

વિશેષ માહિતી [ ]

**આ ફોર્મ ભરી કાલુપુર મંદિરમાં પહોંચાડવા વિનંતી**

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and Printed at **Asian Printery**, Near Talati Hall, Raipur, Ahmedabad-380001. **Editor :** Shastri Swami Purushottamprakashdasji



ઉનાવા મંદિરમાં શાકોત્સવ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



શ્રી નરનારાયણદેવ દેશનાં સંયુક્ત શાકોત્સવના કાર્યક્રમ અંગે
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં મિટિંગ





માણેકપુર (ઘનશ્યામ નગર) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી







સમૌ (હનુમાનપુરા) મંદિરમાં શ્રી હનુમાનજીની પ્રતિષ્ઠા કરતા પ.પૂ. મહારાજશ્રી તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



હિંમતનગર મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



ધમાસણા મંદિરના પાટોત્સવ પ્રસંગે પ.પૂ.લાલજી મહારાજશ્રીનીઆરતી ઉતારતા યજમાન પરિવાર



લવારપુર (ગાંધીનગર) રાત્રી પારાયણ પ્રસંગે સભામા આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

**Registered under Postal Reg. No.GAMC 003, 2024-2026 Valid up to 24-2-2024 issued by SSPO's Ahmedabad City Division Permitted to Post at Ahmedabad PSO on 11th of Every Month**
**RNI N.o.of RNP is GUJGUJ-2007-20221**





નવા નિકોલ (અમદાવાદ) નૂતન મંદિરના ઉપલક્ષમાં આયોજીત પારાયણ પ્રસંગે શાકોત્સવ કરતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી





દયાપર (કચ્છ) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



મૂળી મંદિરમાં શાકોત્સવ પ્રસંગે શાકનો વઘાર કરતા તથા જરૂરિયાતમંદોને જેકેટ વિતરણ કરતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી



દર પૂનમે કાલુપુર મંદિરમાં યોજાતી સત્સંગ સભામાં આશીર્વચન પાઠવતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી